dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 274 | AD - 2025, Ashadh Sud - 13 | Tuesday, Dt.08-07-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## બ્રિક્સ જૂથે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની સખત નિંદા કરી

# ભારત અને બ્રાઝિલને સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા સમિતિમાં કાયમી સભ્ય બનાવવાની માંગ

નવીદિલ્હી,તા.૭

૧૭મી બ્રિક્સ સંમેલનની ઘોષણામાં, ભારત અને બ્રાઝિલને સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા સમિતિમાં કાયમી સભ્ય બનાવવાની માંગ કરવામાં આવી છે. આ સંયુક્ત ઘોષણામાં, બ્રિક્સ નેતાઓએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદને વધુ લોકશાહી અને અસરકારક બનાવવા માટે ગ્લોબલ સાઉથના બે દેશો, ભારત અને બ્રાઝિલનો સભ્ય તરીકે સમાવેશ કરવાની ભારપૂર્વક માંગ કરી છે. બ્રિક્સ દેશોના નેતાઓએ સંયુક્ત રાષ્ટ્ર, સુરક્ષા પરિષદ સહિત, તેને વધુ લોકશાહી, પ્રતિનિધિ, અસરકારક અને કાર્યક્ષમ બનાવવા માટે તેના વ્યાપક સુધારા માટે તેમના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો છે. ઘોષણામાં કહેવામાં આવ્યું હતું કે, "અમે સંયુક્ત રાષ્ટ્ર, તેની સુરક્ષા પરિષદ સહિત, તેને વધુ લોકશાહી, પ્રતિનિધિ, અસરકારક અને કાર્યક્ષમ બનાવવા માટે વ્યાપક સુધારા માટે અમારા સમર્થનનો પુનરોચ્ચાર કરીએ છીએ, જેથી તે વર્તમાન



વૈશ્વિક પડકારોનો પૂરતો પ્રતિસાદ આપી શકે અને આફ્રિકા, એશિયા અને લેટિન અમેરિકાના ઉભરતા અને વિકાસશીલ દેશો, જેમાં બ્રિક્સ દેશોનો સમાવેશ થાય છે, તેમની કાયદેસરની આકાંક્ષાઓને સમર્થન આપી શકે, જેથી આંતરરાષ્ટ્રીય બાબતોમાં, ખાસ કરીને સંયુક્ત રાષ્ટ્રમાં, તેની સુરક્ષા પરિષદમાં, વધુ મોટી ભૂમિકા ભજવી શકાય. અમે આફ્રિકન દેશોની કાયદેસરની આકાંક્ષાઓને ઓળખીએ છીએ, જે એઝુલવિની સર્વસંમતિ અને સિર્ટે ઘોષણામાં પ્રતિબિંબિત થાય છે." બ્રિક્સ જૂથે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની સખત નિંદા કરી છે. બ્રિક્સ ઘોષણામાં કહેવામાં આવ્યું છે કે, "અમે આતંકવાદ સામે 'શૂન્ય સહિષ્ણુતા'ની નીતિ સુનિશ્ચિત કરવા અને આતંકવાદ સામે લડવામાં બેવડા ધોરણોને નકારવા વિનંતી કરીએ છીએ." તેમાં કહેવામાં આવ્યું છે કે, "અમે આતંકવાદ સામે લડવામાં દેશોની પ્રાથમિક જવાબદારી પર ભાર મૂકીએ છીએ અને આતંકવાદી જોખમોને રોકવા અને તેનો સામનો કરવાના વૈશ્વિક પ્રયાસોમાં તેઓએ આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ તેમની જવાબદારીઓનું સંપૂર્ણ પાલન કરવું જોઈએ."

**કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે**

સંજોગ ન્યુઝમાં ઈન ડીઝાઈન, ફોટોશોપ, કોરલ-ડ્રોમાં કામ કરી શકે તેવા કોમ્પ્યુટર ઓપરેટર મેલ / ફીમેલ ઓપરેટર જોઈએ છે.

સંપર્ક : મો. ૯૮૭૯૩ ૭૪૬૦૧

ખુશ ખબર સારા સમાચાર ખુશ ખબર સારા સમાચાર ખુશ ખબર સારા સમાચાર
TATA AIA LIFE INSURANCE
VACANCY Life Insurance Advisors
વધારાની આવક મેળવો અને આર્થિક રીતે સ્વતંત્ર બનો
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોવ, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો
Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli

## ૨૧મી સદીનું સોફ્ટવેર ૨૦મી સદીના ટાઈપરાઈટર પર ચલાવી શકાતું નથી : નરેન્દ્ર મોદી

રિયો ડી જાનેરો, તા.૦૭

આ વર્ષે બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં બ્રિક્સ જૂથની ૧૭મી સમિટ યોજાઈ રહી છે. પીએમ મોદી પણ આ કોન્ફરન્સમાં ભાગ લઈ રહ્યા છે. આ પરિષદને સંબોધતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ, વિશ્વ વેપાર સંગઠન અને મુખ્ય નાણાકીય સંસ્થાઓને એક મજબૂત સંદેશ આપ્યો છે. પીએમ મોદીએ આ સંસ્થાઓમાં સુધારા પર ભાર મૂકીને સ્પષ્ટ કર્યું છે કે ૨૧મી સદીનું સોફ્ટવેર ૨૦મી સદીના ટાઈપરાઈટર પર ચલાવી શકાતું નથી.

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુખ્ય વૈશ્વિક સંસ્થાઓમાં સુધારા પર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે ગ્લોબલ સાઉથ ઘણીવાર બેવડા ધોરણોનો ભોગ બન્યું છે. વિશ્વ અર્થતંત્રમાં મોટું યોગદાન આપનારા રાષ્ટ્રોને નિર્ણય લેવાના મંચ પર સ્થાન મળતું નથી. પીએમ મોદીએ કહ્યું- "૨૦મી સદીમાં રચાયેલી વૈશ્વિક સંસ્થાઓમાં બે તૃતીયાંશ માનવતાને પૂરતું પ્રતિનિધિત્વ મળ્યું નથી. આજના વૈશ્વિક અર્થતંત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપનારા દેશોને નિર્ણય લેવાના ટેબલ પર સ્થાન આપવામાં આવ્યું નથી. આ ફક્ત પ્રતિનિધિત્વનો પ્રશ્ન નથી, પરંતુ વિશ્વસનીયતા અને અસરકારકતાનો પણ પ્રશ્ન છે. ગ્લોબલ સાઉથ વિના, આ સંસ્થાઓ સિમ કાર્ડવાળા મોબાઈલ ફોન જેવી લાગે છે, પરંતુ નેટવર્ક નથી."

બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં, પીએમ મોદીએ કહ્યું- "એઆઈના યુગમાં, જ્યાં ટેકનોલોજી દર અઠવાડિયે અપડેટ થાય છે, તે સ્વીકાર્ય નથી કે કોઈ વૈશ્વિક સંસ્થા ૮૦ વર્ષમાં એકવાર પણ અપડેટ ન થાય. ૨૦મી સદીના ટાઈપરાઈટર ૨૧મી સદીનું સોફ્ટવેર ચલાવી શકતા નથી." પીએમ મોદીએ વધુમાં કહ્યું કે વૈશ્વિક સંસ્થાઓ માટે ૮૦ વર્ષ સુધી સુધારા વિના ચાલવું અસ્વીકાર્ય છે. પીએમ મોદીએ કહ્યું કે 'ગ્લોબલ સાઉથ' વિના, આ સંસ્થાઓ એવા મોબાઈલ ફોન જેવી લાગે છે જેની અંદર 'સિમ કાર્ડ' હોય છે, પરંતુ કોઈ નેટવર્ક નથી.















### નગરપાલિકાની પ્રિ-મોન્સુનની કામગીરી માત્ર કાગળ પર, શહેરીજનો કીચડથી ત્રસ્ત

# અમરેલીમાં ઝરમર વરસાદથી ઠેર-ઠેર ગંદકીના ગંજ ખડકાયા

અમરેલી,તા.૦૭

અમરેલી નગરપાલિકા દ્વારા પ્રિમોન્સુન કામગીરી માત્ર કાગળ ઉપર જ કરવામાં આવતી હોવાનું સામે આવ્યુ છે. અમરેલી શહેરમાં ધીમી ધારે પડી રહેલા વરસાદને કારણે છેવાડાના વિસ્તારોમાં ગંદકીના ગંજ ખડકાય જાય છે આમ છતાં નગરપાલિકાના સત્તાધીશોના પેટનું પાણી હલતું નથી. શહેરમાં ઝરમર વરસાદને કારણે આખા શહેરમાં જ્યાં જુઓ ત્યાં કીચડનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. લોકોને પોતાના ઘર સુધી ચાલીને જવું પણ મુશ્કેલ બની રહ્યું છે. અમરેલી શહેરમાં પાકા રસ્તાઓ અને લોકો આરામદાયક પરિસ્થિતિમાં રહી શકે તે માટેની પ્રાથમિક સુવિધાઓ આઝાદીના આટલા વર્ષો પછી પણ આપવામાં તંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ ગયુ છે. હાલમાં ચોમાસાની શરૂઆત થયા બાદ છેલ્લા કેટલાક દિવસોથી ધીમી ધારે વરસાદ પડી રહ્યો છે. અમરેલીના ચિતલ રોડ, લાઠી રોડ, ચક્કરગઢ રોડ, કુંકાવાવ રોડ, સાવરકુંડલા રોડ, જેસીંગપરા, માણેકપરા, સવજીપરા સહિત



અનેક વિસ્તારમાં આવેલી જુદી જુદી સોસાયટીઓમાં ઠેર ઠેર કીચડનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. જ્યાં જુઓ ત્યાં મોટા મોટા ખાડાઓ, તેમાં ઢોરના કારણે કીચડ અને ભયંકર ગંદકી અમરેલી શહેરની ઓળખ જેવા બની ગયા છે. લોકોને ચાલીને પોતાના ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બની જાય છે અને પરત ઘરે પહોંચવું પણ દુષ્કર બન્યું છે. સમગ્ર શહેરમાં સાર્વત્રિક રીતે આ સમસ્યા હોવા છતાં પણ તેના નિરાકરણ માટે કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. આના કારણે અમરેલી શહેરના લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

**વરસાદી ખાબોચીયાથી મચ્છરજન્ય રોગચાળાનો ભય**

**અમરેલી શહેરમાં સતત વરસી રહેલા ઝરમર વરસાદથી ઠેરઠેર પાણીના ખાબોચીયા ભરાયા છે. પાણીના ખાબોચીયા ભરાયેલા હોવાથી મચ્છરજન્ય રોગચાળો ફાટી નીકળવાની સંભાવના સેવાઈ રહી છે સાથોસાથ છેવાડાના વિસ્તારમાં ગંદકીએ માજા મૂકી હોવાથી મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો છે. શહેરના ગંદકીગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક મોરમ નાખવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.**

# બગસરાના હામાપુર ગામે બસ સ્ટેન્ડ પાસે જ સિંહોએ પાંચ ગાયોનું મારણ કરતા ગ્રામજનોમાં ફફડાટ

બગસરા, તા.૦૭

બગસરા તાલુકાના હામાપુર ગામે સિંહોએ મધરાત્રે ગામમાં ઘૂસી આવી એક સાથે પાંચો ગાયોનું મારણ કરતા ગ્રામજનોમાં ભયનું લખલખું પ્રસરી ગયું છે. હામાપુર ગામ જંગલ વિસ્તારની એકદમ નજીક આવેલું હોય તેમ જ આ પંથકમાં સિંહોનો વસવાટ હોવાથી સિંહો



વારંવાર મારણ કરવા ગામમાં ઘૂસી આવે છે. જેમાં ગઈકાલે મધરાતે અચાનક જ સિંહો હામાપુર ગામમાં ઘૂસી આવ્યા હતા અને પાંચ ગાયોનું મારણ કરી મિજબાની માણી હતી. રાત્રિના સિંહોની ડણકથી આખું ગામ ધ્રૂજી ઉઠ્યું હતું. ગામના એક જાગૃત નાગરિક દ્વારા આ બાબતે વન વિભાગને જાણ કરતા વન વિભાગની ટીમ તાત્કાલિક દોડી આવી હતી અને સિહોએ કરેલ મારણને દૂર ખસેડ્યું હતું. ગ્રામજનોએ સિંહોને દૂર ખસેડવામાં આવે તેવી વન વિભાગ સમક્ષ માંગ કરી હતી.

# મતીરાળામાં સમાજસેવક રતિલાલ આદ્રોજાનું અવસાન થતા આગેવાનોએ શ્રધ્ધાંજલિ પાઠવી

લાઠી,તા.૦૭

લાઠી તાલુકાના મતીરાળા ગામના પૂર્વ સરપંચના પ્રૌઢ પુત્ર સમાજસેવક રતિલાલ કાનજીભાઈ આદ્રોજાનું છાતીમાં દુઃખાવાથી અવસાન થયું છે. સદ્દગતની સ્મશાનયાત્રામાં સમગ્ર ગામના દરેક સમાજના લોકો જોડાયા હતા. આ ઉપરાંત ગામમાં ધંધા-રોજગાર બંધ



તસવીર :ઘનશ્યામભાઈ લાંભીયા

રાખ્યા હતા. તેમના બેસણામાં પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા, ઘનશ્યામભાઈ લાંભિયા, વીરજીભાઈ ઠુંમર, સરપંચ વજુભાઈ નવાપરીયા, ઉદ્યોગપતિ સંજયભાઈ વિરમગામા, હિરેનભાઈ રાછડીયા, જગદીશભાઈ ફિણાવા અને પાટીદાર સમાજના આગેવાનોએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સૌએ આદ્રોજા પરિવાર તેમજ કાળુભાઈ અને ધ્રુવિકને સાંત્વના પાઠવીને શોક વ્યક્ત કર્યો હતો.

# સા.કુંડલામાં નાવલી નદી પાસે શાકભાજી વિક્રેતાઓની હાલત કફોડી

અમરેલી,તા.૦૭

સાવરકુંડલામાં રિવરફ્રન્ટનું કામ ચાલુ હોવાથી નાવલી નદીમાં બેસતા શાકભાજી વિક્રેતાઓની હાલત કફોડી બની જવા પામી છે. રિવરફ્રન્ટનું કામ ચાલુ હોવાથી નદીમાં હવે પાણીનો ભરાવો થયો છે. જેથી નાવલી નદીમાં બેસતા રેંકડીધારકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. શાકભાજી વેચતા લોકોને નાવલી બજારમાં બહાર રોડ પર બેસી શાકભાજી વેચવાની ફરજ પડી રહી



છે. સાવરકુંડલા નગરપાલિકામાં અનેક સત્તાધીશો આવ્યા પરંતુ શાકભાજી વિક્રેતાઓ માટે કઈ કામગીરી કરવામાં આવી નથી. શહેરમાં હવે અદ્યતન શાકમાર્કેટની આવશ્યકતા હોવાનું શહેરીજનો જણાવી રહ્યાં છે. શાકભાજી વિક્રેતા રસ્તા પર શાકભાજી વેચતા હોવાથી ટ્રાફિક સમસ્યાનો પણ સામનો કરવો પડે છે.

# સાવરકુંડલા-રંગોળા હાઈવે પર અધૂરું કામ: જુનાસાવર પાસે ૧.૫ કિલોમીટરનો રસ્તો ખરાબ હાલતમાં

સાવરકુંડલા, તા.૦૭

સાવરકુંડલાથી રંગોળા સ્ટેટ હાઈવે પર રોડનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે, પરંતુ સાવરકુંડલાથી જુનાસાવર તરફ આવતા માર્ગ પર આશરે ૧.૫ કિલોમીટરનો રસ્તો હજુ પણ બન્યો નથી. આ અધૂરા કામને કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ માર્ગ પર એક ફૂટથી દોઢ ફૂટ ઊંડા અને બે ફૂટથી ૧૫ ફૂટ સુધીની પહોળાઈના મોટા ખાડાઓ પડી ગયા છે, જે વાહનચાલકો માટે જોખમી સાબિત થઈ રહ્યા છે. છેલ્લા ઘણા વર્ષોથી આ સ્ટેટ હાઈવેનું કામ ધીમી ગતિએ ચાલી રહ્યું છે અને એજન્સીઓ પણ બદલાઈ ગઈ છે. રોડનું



મોટાભાગનું કામ પૂર્ણતાના આરે છે, તેમ છતાં આ ચોક્કસ ૧.૫ કિલોમીટરનો રસ્તો અધૂરો છોડી દેવામાં આવ્યો છે. વારંવાર એજન્સીઓ બદલાવા છતાં, આટલો નાનો પરંતુ મહત્વપૂર્ણ રસ્તો કેમ પૂર્ણ કરવામાં આવતો નથી તે એક મોટો પ્રશ્ન છે. વાહનચાલકો, રાહદારીઓ, અને ટુ-વ્હીલચાલકોને આ ખરાબ રસ્તાને કારણે પારાવાર મુશ્કેલી પડી રહી છે. સ્થાનિક લોકો દ્વારા અધિકારીઓ અને પદાધિકારીઓને આ બાબતે અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ કયા કારણોસર આ કામ અટકેલું છે તેનો કોઈ સંતોષકારક જવાબ મળતો નથી. તાત્કાલિક ધોરણે આ અધૂરા રસ્તાનું કામ પૂર્ણ કરવામાં આવે તેવી સ્થાનિક લોકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે, જેથી આ માર્ગ પરથી પસાર થતા લોકોને રાહત મળી શકે.

# સાવરકુંડલાની વી.ડી.કાણકિયા કોલેજ ખાતે વિશ્વ સહકાર દિનની ઉજવણી

અમરેલી,તા.૦૭

સાવરકુંડલા સ્થિત નૂતન કેળવણી મંડળ સંચાલિત વી.ડી. કાણકિયા આટ્ર્સ અને શ્રી એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ ખાતે 'વિશ્વ સહકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સહકાર ક્ષેત્રના જિલ્લા તથા તાલુકા કક્ષાના શ્રેષ્ઠીઓની વિશેષ




ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને અમરેલી જિલ્લા સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડના ચેરમેન અને અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ઉપપ્રમુખ દિપકભાઈ માલાણી, ડિરેક્ટર શરદભાઈ પંડ્યા, મેનેજર સુરેશભાઈ સંઘાણી, સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, નાગરિક બેંકના ચેરમેન પ્રવિણભાઈ સાવજ, સહકારી ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયા રહ્યા હતા.

# બગસરાની બેન્ક ઓફ બરોડા શાખામાં પાસબુકમાં એન્ટ્રી બંધ: ખાતેદારો પરેશાન

બગસરા, તા.૦૭

કેન્દ્ર સરકાર વિવિધ યોજનાના ભાગરૂપે બેંકમાં નાણા જમા કરે છે પરંતુ બેંકના જવાબદાર અધિકારીઓ બેંક પાસબુકમાં એન્ટ્રી કરતા ન હોવાથી બગસરા બેંક ઓફ બરોડાના ખાતેદારોમાં ભારે રોષની લાગણી જન્મી છે. બગસરામાં આવેલી બેંક ઓફ બરોડાને જ્યારથી દેના બેંકમાં મર્જ કરવામાં આવી છે ત્યારથી બેંક ઓફ બરોડાના ખાતેદારોની માઠી દશા બેઠી છે. બેંકના અધિકારીઓ ખાતેદારો સાથે મનસ્વી વર્તન કરતા હોવાની વારંવાર ફરિયાદ ઉઠવા પામે છે. બેંક ખાતેદારો બેંકમાં પાસબુકની એન્ટ્રી પડાવવા જાય ત્યારે બેન્ક મેનેજર દ્વારા આવતીકાલે



આવજો તેમ કહી ખાતેદારોને ધક્કા ખવડાવે છે. આ બાબતે બેંક મેનેજર સાથે વાત કરતા તેમણે જણાવેલ કે પાસબુકમાં એન્ટ્રી કરી શકે તેવા કોઈ કર્મચારીઓ હાજર નથી ૧૦ દિવસ પછી કર્મચારી હાજર થવાના હોય ત્યારે એન્ટ્રી પડાવવા આવજો. પાસબુકમાં એન્ટ્રી પડતી ન હોવાથી બેંકના અધિકારીઓ સામે ખાતેદારોમાં ભારે આક્રોશ ફેલાયો છે.









### લોકો પાયલોટની સમયસૂચકતાને કારણે

# ગાધકડા-સાવરકુંડલા વચ્ચે રેલવે ટ્રેક પર આવેલા ત્રણ સિંહને બચાવી લેવાયા

**લોકો પાયલોટની સમયસૂચકતાથી ત્રણ સિંહનો જીવ બચતા સિંહપ્રેમીઓમાં આનંદ**

અમરેલી, તા.૦૭

અમરેલી જિલ્લામાં ભૂતકાળમાં અનેક સિંહો ટ્રેનની અડફેટે આવી મોતને ભેટ્યા છે જોકે આ બાબતે હવે હાઈકોર્ટ દ્વારા ટ્રેનની ગતિમર્યાદા નક્કી કરવામાં આવી છે જેના કારણે જંગલ વિસ્તારમાંથી પસાર થતી ટ્રેનો ધીમી ગતિએ ચાલી રહી છે ત્યારે પીપાવાવ થી સુરેન્દ્રનગર જતી એક માલગાડીની અડફેટે આવતા ત્રણ સિંહોનો લોકો પાયલોટની સમયસૂચકતાથી જીવ બચ્યો છે. પીપાવાવથી સુરેન્દ્રનગર જતી માલગાડી ગાધકડા અને સાવરકુંડલા વચ્ચે પહોંચતા રેલવે ટ્રેક પર અચાનક જ ત્રણ સિંહો આવી ચડ્યા હતા જેથી લોકો પાયલોટે ટ્રેન મેનેજરને જાણ કરી હતી. ટ્રેન મેનેજરે ફોરેસ્ટ ટ્રેકર હિમાંશુ જોષીને જાણ કરતા ફોરેસ્ટ ટ્રેકરે તાત્કાલિક ઘટનાની ગંભીરતા સમજી સિહોને રેલવે ટ્રેક પરથી દૂર કર્યા હતા. આમ, લોકો પાયલોટની સમયસૂચકતાથી સિંહોનો જીવ બચતાં સિંહપ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

**ગત વર્ષમાં ૧૫૯ સિંહોને બચાવવામાં આવ્યા**

**રેલવે વિભાગ તરફથી મળતી માહિતી મુજબ લોકો પાયલોટની સમયસૂચકતાને કારણે ગત વર્ષ ૨૦૨૪- ૨૫ માં કુલ ૧૫૯ સિંહોને બચાવવામાં આવ્યા હતા. આમ લોકો પાયલોટ દ્વારા સમયસૂચકતા વાપરવામાં આવતા એશિયાના ઘરેણા સમાન સિંહોનો બચાવ થયો હતો.**

# ખાંભા-ડેડાણ માર્ગ પર વાહન અકસ્માતમાં બાળ દીપડાનું મોત

**અકસ્માત સર્જી અજાણ્યો વાહનચાલક ફરાર**

અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લામાં વન્ય પ્રાણીઓની સંખ્યા દિન પ્રતિદિન વધતી જાય છે. હજુ હાલમાં જ લોકો પાયલોટની સતર્કતાથી ત્રણ સિંહોનો જીવ બચ્યો હતો ત્યાં આજે ખાંભા ડેડાણ રોડ પર અજાણ્યા વાહનની અડફેટે એક બાળ દીપડાનું મોત થયું હતું.



અમરેલી જિલ્લાના ખાંભા ડેડાણ પંથકમાં વન્ય પ્રાણીઓનો બહુ જ મોટા પ્રમાણમાં વસવાટ છે ત્યારે આ સ્થળ પાસે એક ત્રણથી ચાર માસના બાળ દીપડાને કોઈ અજાણ્યા વાહનચાલકે અડફેટે લેતા બાળ દીપડાનું મોત નિપજ્યું હતું. આ ઘટનાની વન વિભાગને જાણ થતા વન વિભાગે તાત્કાલિક સ્થળ પર ધસી જઈ બાળ દીપડાનો મૃતદેહ કબજે લઈ તાત્કાલિક એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડ્યો હતો. અજાણ્યો વાહનચાલક બાળ દીપડાને અડફેટે લીધા બાદ ફરાર થઈ જતા વન વિભાગની ટીમે તેની શોધખોળ શરૂ કરી છે.

# સાવરકુંડલાના વોર્ડ ૬ માં 'સંકલ્પથી સિદ્ધિ' ખાટલા બેઠક સંપન્ન: કાર્યકરોમાં નવા જોમ અને ઉત્સાહનો સંચાર

સાવરકુંડલા, તા. ૦૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સંકલ્પથી સિદ્ધિ'ના સફળ ૧૧ વર્ષની ભવ્ય ઉજવણીના ભાગરૂપે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દ્વારા સાવરકુંડલા શહેરના વોર્ડ નંબર ૬ ખાતે એક પ્રેરણાદાયી ખાટલા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ભાજપના અસંખ્ય કાર્યકરો અને સ્થાનિક આગેવાનો ઉત્સાહભેર ઉમટી



પડ્યા હતા, જેનાથી કાર્યકરોમાં નવું જોમ અને અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ બેઠક જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના સક્ષમ માર્ગદર્શન હેઠળ અને સાવરકુંડલા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ હતી. બેઠક દરમિયાન, રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે ભાજપ સરકારના દ્રઢ સંકલ્પ, જનકલ્યાણકારી યોજનાઓ અને ખાસ કરીને સાવરકુંડલા વિસ્તારમાં થયેલા વિકાસ કાર્યો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આગેવાનોએ કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું કે ભાજપ સરકારે દેશના દરેક વર્ગના ઉત્થાન માટે કમર કસી છે અને અનેક યોજનાઓ અમલમાં મૂકી છે.

# સાવરકુંડલામાં આડેધડ ખાડાઓથી શહેરીજનો ત્રસ્ત, પદાધિકારીઓનું મૌન

**રોડ પર મસમોટા ખાડાઓથી વાહનચાલકો ફસાઈ જતા રોષનો માહોલ**

સાવરકુંડલા,તા.૦૭

સાવરકુંડલામાં નગરપાલિકાની ઘોર બેદરકારીને કારણે આડેધડ ખાડાઓ ખોદવામાં આવી રહ્યાં છે જેના કારણે શહેરીજનોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સાવરકુંડલા



તસવીર : સૌરભ દોશી

પાલિકા ગેસની પાઈપલાઈન નાખવા માટે આડેધડ ખોદકામની મંજૂરી આપી રહી છે જેના કારણે સાવરકુંડલા શહેર કાંટા ઉદ્યોગને બદલે ખાડા શહેર તરીકે ઓળખાઈ રહ્યું છે. ગેસની પાઈપલાઈન માટે ખોદવામાં આવેલા ખાડાઓમાં યોગ્ય રીતે બુરાણ કરવામાં આવતું ન હોવાથી ખાડાઓમાં વાહનો પડી રહ્યાં છે જેથી વાહનચાલકોને ખાસ્સુ નુકસાન થઈ રહ્યું છે. આ બાબતે પાલિકા સમક્ષ અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ કામગીરી કરવામાં આવતી નથી. ખાટલા બેઠક કરતા આગેવાનો પણ આ બાબતે મૌન સેવતા હોવાથી શહેરીજનોમાં ભારે રોષ ફેલાયો છે.

# બગસરા આપાગીગાના ગાદી મંદિર ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાશે

બગસરા,તા.૦૭

બગસરામાં આવેલ આપાગીગાના ગાદી મંદિર ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. મહંત જેરામબાપુના સાનિધ્યમાં તા.૧૦ને ગુરૂવારના રોજ ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. સવારે ૭ કલાકે મંગળા આરતી, ૭:૩૦ કલાકે હનુમાન ચાલીસા હોમાત્મક યજ્ઞ, ૮ કલાકે પાદુકાપૂજન, ૯:૩૦ કલાકે ગુરૂપૂજન, ૧૦ કલાકે પ્રસાદ અને સાંજે ૪:૩૦ કલાકે સત્યનારાયણ ભગવાનની કથા યોજાશે. મહોત્સવમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાશે અને ગુરૂપૂજન કરશે. આ ઉપરાંત ગુરૂપૂર્ણિમાના દિવસે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉજવણીને સફળ બનાવવા માટે મંદિરના સેવક પરિવાર તેમજ કોઠારી હરીબાપુ આ મહોત્સવને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજુલામાં પુત્રજન્મની ઉજવણી નિમિત્તે ગૌશાળામાં ગાયોને રોટલા અર્પણ

રાજુલા, તા.૦૭

રાજુલાના હિંમતભાઈ વેણીશંકર રાજ્યગુરુના પરિવારમાં ચિ. હર્ષ શશિભાઈ રાજ્યગુરુ અને ચિ. નિરાલીને ત્યાં પુત્રનો જન્મ થતાં, તા. ૫ જુલાઈ, ૨૦૨૫ના રોજ વિસાવદરની ગૌરક્ષણ પાંજરાપોળ ખાતે પુત્રજન્મની ખુશીમાં ૧૧૦૦ જેટલા રોટલા ગાયોને જમાડવાનું આયોજન કરાયું છે. ૩૭૦ ગાયોને રોટલા ખવડાવીને આ પવિત્ર ઉજવણી કરવામાં આવશે. સ્વ. વિજયભાઈ ભટ્ટની પ્રેરણાથી આ કાર્ય હાથ ધરાયું છે. વિસાવદર ગૌશાળાના મેનેજર શૈલેષભાઈ જોષીએ આ પગલાને સનાતન ધર્મના જીવદયા સિદ્ધાંતને અનુસરતું ગણાવ્યું છે.

આ પ્રશંસનીય પહેલ વર્તમાન સમયમાં પશ્ચિમી સંસ્કૃતિ મુજબ થતી ઉજવણીઓ સામે સનાતન મૂલ્યોનું જતન કરવાનો સંદેશ આપે છે.

# વડીયામાં મોહરમ નિમિત્તે તાજીયાના જુલુસમાં હિન્દુ-મુસ્લિમ એકતાના દશ્યો જોવા મળ્યા

વડીયા, તા.૦૭

વડીયામાં મોહરમ નિમિત્તે નીકળેલા તાજીયાના જુલુસમાં હિન્દુ-મુસ્લિમ એકતાના દશ્યો જોવા મળ્યા હતા. મોહરમ પર્વ માટે વડીયાના મુસ્લિમો દ્વારા છેલ્લા એક મહિનાથી તાજીયાની તૈયારીઓ કરવામાં આવી રહી હતી. રવિવારે તાજીયા ગાયત્રી ચોક ખાતે આવેલી મસ્જિદથી નીકળ્યા હતા. ગાંધીચોક રામજી મંદિર પાસે બ્રહ્મસમાજના યુવાનો રજની



તેરૈયા અને વિશાલભાઈ જોષી દ્વારા તમામ મુસ્લિમ બિરાદરોને આઈસ્ક્રીમનું વિતરણ કરાયું હતું.






# ધારીના રાજસ્થળી ગીરમાં હિંગળાજ સંન્યાસ આશ્રમ ખાતે ગુરુપૂર્ણિમા પર્વ ઉજવાશે

અમરેલી, તા.૦૭

ધારી તાલુકાના રાજસ્થળી ગીર ગામ ખાતે તુલસીશ્યામ નજીક પ્રકૃતિના ખોળે આવેલ સુપ્રસિધ્ધ હિંગળાજ સંન્યાસ આશ્રમ ખાતે તા. ૧૦/૦૭ને ગુરૂવારે ગુરૂપૂર્ણિમાના પ્રસંગે શ્રી પંચ દશનામ જુના અખાડાના પરમ પૂજ્ય મહામંડલેશ્વર જયઅંબાનંદગીરીજી ગુરૂ મહંત હરિગીરીજી મહારાજ સંરક્ષક શ્રી પંચ દશનામ જુના અખાડા, મહામંત્રી અખિલ ભારતીય અખાડા પરિષદના સાનિધ્યમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાશે. મહામંડલેશ્વર જયઅંબાનંદગીરી માતાજીનું તેમના મોટી સંખ્યામાં શિષ્ય સમુદાય દ્વારા પૂજન કરશે. આ તકે આશ્રમ ખાતે ધ્વજારોહણ, મહાપ્રસાદ, માતાજીના દર્શન, શ્રીયંત્ર દર્શન વગેરે ધાર્મિક કાર્યક્રમો યોજાશે. આ તકે આશ્રમ સેવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે તેમ અર્જુનગીરી ગોસ્વામીની યાદીમાં જણાવેલ છે.

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૦૬/૨૦૨૫ તા.૦૩/૦૭/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. મંજુલાબેન રવજીભાઈ લખાણી તે મગનભાઈ શામજીભાઈ રૈયાણીના પત્નિ
રહે. પિયાવા તા. સાવરકુંડલા જી. અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી કેરાળા તા. સાવરકુંડલા જી.અમરેલી તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી મંજુલાબેન રવજીભાઈ લખાણીનો જન્મ તા.૧૫/૦૪/૧૯૭૦ ના રોજ મુ.કેરાળા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૫૭/૨૦૨૫ તા.૦૩/૦૭/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. નનુભાઈ આણંદભાઈ શીંગાળા
રહે. કાનાતળાવ તા. સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી કાનાતળાવ તા. સાવરકુંડલા જી.અમરેલી તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર જયસુખભાઈ નનુભાઈ શિંગાળનો જન્મ તા.૧૫/૧૨/૧૯૬૬ ના રોજ મુ.કાનાતળાવ, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૫૩/૨૦૨૫ તા.૦૩/૦૭/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. અલ્કાબેન મનસુખભાઈ સોહાગીયા તે આશિષભાઈ રાદડીયાના ધર્મપત્નિ
રહે. પીઠવડી તા. સાવરકુંડલા જી. અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી પીઠવડી તા. સાવરકુંડલા જી.અમરેલી તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી અલ્કાબેન મનસુખભાઈ સોહાગીયાનો જન્મ તા.૦૧/૦૫/૧૯૮૪ ના રોજ મુ.પીઠવડી તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/ અરજી નં.૬૫/૨૦૨૫

અરજદારશ્રી:- રમેશભાઈ જાદવભાઈ ચાંચડ
રે.એ-૧,૪૦૧ વ્રજરાજ રેસીડેંસી, વ્રજચોક, સરથાણા જકાતનાકા, સુરત

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. તકમશ્રી પિયાવા તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતાશ્રી ગોમતીબેન જાદવભાઈ ચાંચડનું મરણ તા.૦૨/૦૨/૧૯૮૪ ના રોજ મુ.પિયાવા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૩/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૦૫/૨૦૨૫ તા.૦૩/૦૭/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. કાનજીભાઈ બાબુભાઈ રાઠોડ
રહે. મું. શિવાજીનગર તા. સાવરકુંડલા જી. અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા, તા.સાવરકુંડલા જી. અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર જેનીલ કાનજીભાઈ રાઠોડનો જન્મ તા.૧૨/૦૫/૨૦૧૨ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# રાજુલામાં આંગણવાડીના મકાન ભાડા છેલ્લા એક વર્ષથી બાકી: વિકાસના દાવા પોકળ



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા.૦૭

ગુજરાત સરકાર મહિલા સન્માન અને મહિલા રોજગારની વાતો કરી રહી છે, ત્યારે અમરેલી જિલ્લાના રાજુલામાં આ વાતો પોકળ સાબિત થઈ રહી છે. રાજુલામાં જ્યાં નાના બાળકોના પાયાનો વિકાસ થાય છે તેવી આંગણવાડીઓ ખાનગી ભાડાના મકાનોમાં ચાલી રહી છે, જેના છેલ્લા ૧૨ મહિના (જુલાઈ ૨૦૨૪ થી મે ૨૦૨૫) થી મકાન ભાડા ચૂકવાયા નથી. આ બાબતે આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા રાજુલાના ધારાસભ્યને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આંગણવાડી કાર્યકર બહેનોએ આઈસીડીએસ વિભાગમાં વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરી હોવા છતાં, આજદિન સુધી તંત્ર દ્વારા કોઈ સંતોષકારક જવાબ મળ્યો નથી. તેમને વારંવાર એવું કહેવામાં આવે છે કે જિલ્લામાંથી ગ્રાન્ટ આવી નથી, અને જિલ્લા કચેરીમાંથી પણ રાજ્યમાંથી ગ્રાન્ટ ન આવી હોવાનું જણાવવામાં આવે છે. આંગણવાડી બહેનોનો પગાર માત્ર રૂ. ૧૦,૦૦૦/- હોવાથી તેમને ઘર ચલાવવું પણ મુશ્કેલ બની રહ્યું છે, ત્યારે આવી કપરી પરિસ્થિતિમાં આંગણવાડી ચલાવવી ખૂબ જ અઘરી બની ગઈ છે.

# સાવરકુંડલા પાલિકાના પાપે વોર્ડ નં. ૮ની દુર્દશા, રહીશો ત્રાહિમામ



અમરેલી,તા.૦૭

સાવરકુંડલાના વોર્ડ નંબર ૮માં આવેલા જેસર રોડ પરની સોસાયટીઓમાં રસ્તા અને ગટરની અધૂરી કામગીરીથી સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. શહેર કોંગ્રેસ પ્રમુખ કનુભાઈ ડોડીયાએ ચીફ ઓફિસર સમક્ષ રજૂઆત કરી હતી કે, પીકઅપ બસ સ્ટેન્ડથી વિજયાનગર રોડ પરની ગીતાંજલી સોસાયટી અને સહયોગ રેસીડેન્સી સુધી છેલ્લા છ મહિનાથી શરૂ થયેલું રસ્તા અને ગટરનું કામ હજુ પણ અધૂરું છે. ઉપરાંત, આ વિસ્તારમાં ગેસ પાઈપલાઈનનું ખોદકામ પણ કરવામાં આવ્યું છે અને ખાડા પૂરવામાં આવ્યા નથી, જેના કારણે રસ્તાની સ્થિતિ અત્યંત દયનીય બની છે. કાદવ-કીચડના કારણે રાહદારીઓ અને સોસાયટીના રહીશોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. કોંગ્રેસે પાલિકા સત્તાધીશોને તાત્કાલિક આ કામગીરી પૂર્ણ કરીને લોકોની સમસ્યા હલ કરવા માંગણી કરી છે.

# બાબરા પંથકમાં કેફી પીણું પીને વાહન ચલાવતાં બે પકડાયા

**પોલીસે બંને ઇસમો સામે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી**

બાબરા, તા.૦૭

બાબરા પંથકમાંથી પોલીસે કેફી પીણું પીને વાહન ચલાવતાં બે ઈસમોને ઝડપી પાડ્યા હતા. મોટા દેવળીયા ગામનો પ્રવિણભાઈ નાનજીભાઈ મકવાણા તથા અમરાપરા મફત પ્લોટ વિસ્તારમાં રહેતા હરેશભાઈ લગરભાઈ ગોહેલ (ઉ.વ.૩૫) કેફી પીણું પીધેલી હાલતમાં વાહન ચલાવતાં ઝડપાયા હતા. પોલીસે બંને વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી કરી હતી. આ સિવાય અમરેલી અને નીંગાળા ગામેથી બે-બે તથા સોઢાપરા ગામેથી એક મળી કુલ પાંચ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

# સલડી સેવા સહકારી મંડળીની ૧૦મી વાર્ષિક સાધારણ સભા સફળતાપૂર્વક સંપન્ન



લીલીયા, તા.૦૭

લીલીયા તાલુકાના સલડી ગામે આવેલી સલડી સેવા સહકારી મંડળી લિ.ની ૧૦મી વાર્ષિક સાધારણ સભા સોમવારે એમ.એમ. યાજ્ઞિક હાઈસ્કૂલના સભાખંડમાં ભવ્ય રીતે યોજાઈ હતી. આ સભામાં મંડળીના મંત્રી ધર્મેશભાઈ દેસાઈએ વાર્ષિક હિસાબો રજૂ કર્યા હતા, સાથે જ સભાસદોને આકર્ષક ભેટ આપવાની પણ ઘોષણા કરવામાં આવી હતી. આ પ્રસંગે મધ્યસ્થ સહકારી બેંકના વાઈસ ચેરમેન અરુણભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બેંકના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના નેતૃત્વ હેઠળ બેંકની અને જિલ્લાની સહકારી સંસ્થાઓની કામગીરી તેમજ પ્રગતિ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. બેંકના જનરલ મેનેજર બી.એસ. કોઠીયા પણ હાજર રહ્યા હતા અને તેમણે પોતાની આગવી શૈલીમાં બેંકની કામગીરી, સહકારી પ્રવૃત્તિઓ વિશે સમજાવ્યું હતું. બેંકના લોન સેક્શનના મેનેજર શૈલેષભાઈ કથીરિયાએ બેંકની વિવિધ લોન યોજનાઓ વિશે માહિતી આપી હતી.

# સાવરકુંડલામાં મહિલાએ મહિલાને ગાળો આપી લાકડાના ધોકાથી ફટકારી

**ગાળો આપ્યાનું મનદુઃખ રાખી હુમલો કર્યો**

સાવરકુંડલા, તા.૦૭

સાવરકુંડલામાં રહેતા મહેકબેન સમીરભાઈ ઈસુબભાઈ પઠાણએ કૌશરબેન રીઝવાનભાઈ ચાંદ, નાઝીયાબેન તોસીફભાઈ ચાંદ તથા રીઝવાનભાઈ અબ્દુલભાઈ ચાંદ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે તેમના બહેન અફસાનબેનથી તેની દિકરીને હાથ લાગી જતા તેના મમ્મી અફસાનાબેનને ખીજાતા તેની આગળ ઉભેલ આરોપીઓને એમ લાગ્યું તેમના મમ્મી તેને ગાળો આપે છે. તે વાતનું મનદુઃખ રાખી ત્રણેય આરોપીઓએ ઉશ્કેરાઈને જેમ ફાવે તેમ ગાળો આપી શરીરે મુંઢમાર મારી નીચે પછાડી દીધા હતા તેમજ લાકડાના ધોકાનો એક ઘા માર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.વી. ખુમાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં કોળી શક્તિ યુવક મંડળના સમૂહ લગ્નોત્સવમાં ૧૫ યુગલોએ પ્રભુતામાં પગલા માંડ્યા

**સમૂહલગ્નને સફળ બનાવવા પ્રમુખ રમેશભાઈ ગોહિલની ટીમે જહેમત ઉઠાવી**



અમરેલી, ત.૦૭

અમરેલીમાં કોળી શક્તિ યુવક મંડળનો તાજેતરમાં સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. જેમાં ૧૫ દંપતીએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા. જેમાં અનેક અગ્રણીઓએ ઉપસ્થિત રહી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા હતા.

આ સમૂહલગ્નને સફળ બનાવવા પ્રમુખ રમેશભાઈ ગોહીલ, પરશોત્તમભાઈ મકવાણા, ભીખુભાઈ મકવાણા, રમેશભાઈ ડાભી, રતનબેન બદલદાણીયા, ભાવેશભાઈ વાઘેલા, આરતીબેન ગોહીલે જહેમત ઉઠાવી હતી.

# લાઠીના પાડરસિંગા ગામે ગુરુપૂર્ણિમાની ઉજવણી થશે, ભક્તોમાં થનગનાટ



લાઠી,તા.૦૭

લાઠી તાલુકાના પાડરસિંગા ગામે નકળંગ ધામ આશ્રમ ખાતે ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. ભક્તજનો દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે. ભક્તો ગુરૂપૂજન સાથે મહાપ્રસાદનો લાભ લેશે. આગામી તારીખ ૧ને ગુરૂવારના રોજ દામનગર નજીક આવેલા નકળંગ ધામ ખાતે ગુરુપૂર્ણિમા નિમિત્તે સવારના ૭: ૦૦ કલાકે ગુરુપૂજન કરવામાં આવશે તો આ ઉત્સવમાં લાભ લેવા મહંત બાલકદાસ બાપુ ગુરુ પ્રેમા દાસ બાપુએ જણાવેલ છે.

# સાવરકુંડલામાં અશૂરા-એ-મોહરમ ધાર્મિક શ્રદ્ધા અને ગમ સાથે મનાવવામાં આવ્યો



સાવરકુંડલા, તા.૦૭

મહોરમ ઈસ્લામિક કેલેન્ડરનો પ્રથમ મહિનો છે અને તેને ઈસ્લામી નવા વર્ષ તરીકે પણ મનાવવામાં આવે છે. સાવરકુંડલા સહિત અમરેલી જિલ્લા ભરમાં તાજીયા પડમાં આવ્યા હતા. અહીં અનેક વિસ્તારોમાં મોહરમની મજલિસ હોય છે. સાવરકુંડલામાં સંધિ ચોક લીમડી નીચે મણીનગર સહિતના વિસ્તારોમાં મોહરમની મજલીસ હોય છે. આ મજલિસ પૂર્ણ થયા બાદ મોહરમ અને તાજીયાની સવારી નીકળે છે. ઠેર ઠેર કલાત્મક તાજીયા ગામની બજારોમાંથી નીકળે છે અને લોકો ગમ સાથે હજરત ઈમામ હુસેનને યાદ કરે છે. મોહરમ એ ઈમામ હુસેનની યાદમાં મનાવાતો પર્વ છે. સાવરકુંડલામાં અનેક જગ્યા ઉપર કલાત્મક તાજીયા પસાર થયા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: તેરસ
તા. ૦૮-૦૭-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૫:૨૯, સૂર્યાસ્ત-૦૭:૨૩, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: જ્યેષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૦૮-૦૭-૨૦૨૫ મંગળવાર

મેષ: આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

વૃષભ: આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે.

મિથુન: ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશો. દુશ્મનના વિવાદથી આજે પરેશાન થશો.

કર્ક: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઇને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો.

સિંહ: આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે.

કન્યા: આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે.

તુલા: આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો. સ્થાળાંતરણનો સંદર્ભ પ્રબળ અને સ્થાપિત થશે.

વૃશ્ચિક: આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે.

ધન: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને પ્રિયજનો તરફથી ઇચ્છિત સુખ અને સહયોગ મળશે.

મકર: આજે શુભ ખર્ચા અને ખ્યાતિમાં વધારો થશે. ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, દુશ્મનની ચિંતાઓનું દમન, સાંજ સુધીમાં બધે જ વિજય પ્રાપ્ત થશે.

કુંભ: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે.

મીન: આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો.

**પોલીસ પણ સલામત નથી**

# સાવરકુંડલામાં એએસઆઈનો કાંઠલો પકડી જાનથી મારવાની ધમકી આપી

**આડેધડ ઢીકાપાટુનો મુંઢમાર પણ માર્યો**

સાવરકુંડલા, તા.૦૭

સાવકુંડલામાં હવે પોલીસ પણ સલામત ન હોય તેમ લાગે છે. તપાસ કરવા ગયેલા અનાર્મ એએસઆઈનો કાંઠલો પકડીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. તેમજ આડેધડ ઢીકાપાટુ પણ માર્યા હતા. બનાવ અંગે જયસુખભાઈ લખમણભાઈ મકવાણા (ઉ.વ.૩૫, અનાર્મ એએસઆઈ)એ કિરણભાઈ દેવશીભાઈ બગડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપી તેની ભત્રીજી પ્રિયાબેન અરવિંદભાઈ બગડા સાથે ઝઘડો કરી ગાળો બોલતો હતો. જેથી પોલીસ કંટ્રોલ રૂમ અમરેલીમાં ટેલીફોનિક વર્ધી લખાવી હતી. જે સંદર્ભે તેઓ તથા સાહેદો વર્ધીવાળી જગ્યાએ જતા આરોપીએ તેમને તથા સાહેદોને ગાળો આપી પોતાની પોલીસ તરીકે રાજ્ય સેવકની કાયદેસરની ફરજ બજાવવામાં અડચણરૂપ થઈ કંઠલો પકડી હુમલો કર્યો હતો. તેમજ શરીરે આડેધડ ઢીકાપાટુનો મુંઢમાર મારી ઈજા કરી તેમને તથા સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.આર. ગળચર વધુ તપાસ કરી રહ્યા છે.

# લુણકી ગામે બસ સ્ટેન્ડ પરના ધાબાની સફાઈ દરમિયાન વીજ વાયરને અડી જતાં યુવકનું મોત

**પરપ્રાંતીય યુવકના મોતથી શોકનો માહોલ**

બાબરા, તા.૦૭

બાબરાના લુણકી ગામે બસ સ્ટેન્ડ પરના ધાબાની સફાઈ દરમિયાન વીજ વાયરને અડી જતાં વીજશોક લાગવાથી પરપ્રાંતીય યુવકનું મોત થયું હતું. બનાવ અંગે મૂળ મધ્યપ્રદેશના બડવાની જિલ્લાના શીવાઈ ફળીયુંના અને બાબરાના લુણકી ગામે વાડીએ રહેતા જીતુભાઈ ધનસીંગ ડાવર (ઉ.વ.૪૪)એ જાહેર કર્યા મુજબ, ઈંદરસિંહ જીતુસિંહ ડાવર (ઉ.વ.૧૮) લુણકી ગામે બસ સ્ટેન્ડમાં ઉપરનું ધાબું સાફ કરતા હતા તે સમયે વીજ વાયર અડી જતાં વીજશોક લાગવાથી મરણ પામ્યા હતા. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ વાય.આર. ડેર વધુ તપાસ કરી રહ્યા છે.

**અજાણ્યા વ્યક્તિ સાથે વોટ્સએપમાં વાત કરતા પહેલા ચેતજો**

# જોલાપર ગામના યુવકને ન્યૂડ વીડિયો વાયરલ કરવાની ધમકી આપતાં ઝેરી દવા પીધી

**યુવકે ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવારમાં ખસેડાયો**

રાજુલા, તા.૦૭

રાજુલાના જોલાપર ગામે એક આંખ ઉઘાડતો કિસ્સો બન્યો છે. હાલના સોશિયલ મીડિયાના જમાનામાં લોકો અજાણ્યા ઈસમો સાથે પણ વોટ્સએપમાં વાતચીત કરતા હોય છે જેનું ક્યારેક વરવું પરિણામ તેમણે ભોગવવું પડી શકે છે. જોલાપર ગામના યુવકને ન્યૂડ વીડિયો વાયરલ કરવાની ધમકી આપવામાં આવ્યા બાદ સમાજમાં બદનામીના ડરથી ઝેરી દવા પીધી હતી. બનાવ અંગે ભવાભાઈ નાથાભાઈ વાઘ (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, આ કામના ભોગ બનનાર ભરતભાઈ ભવાભાઈ વાઘને ઈન્સ્ટાગ્રામમાં અજાણી વ્યક્તિ સાથે સંપર્ક થયો હતો. જે બાદ વોટ્સએપમાં વીડિયો કોલમાં વાત થતી અને ન્યૂડ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી. જેથી તેમને મનમાં લાગી આવતાં સમાજમાં બદનામી ન થાય તેથી ઝેરી દવા પી ગયા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.વી. સમા વધુ તપાસ કરી રહ્યા છે.

# હરિપર પ્રા. શાળામાં "એક વૃક્ષ મા કે નામ" થીમ પર નવતર પ્રયોગ



અમરેલી,તા.૦૭

હરિપર પ્રાથમિક શાળા, લીલીયા ખાતે "એક વૃક્ષ મા કે નામ" થીમ પર એક અનોખો કાર્યક્રમ યોજાયો હતો. ઈકો ક્લબ ફોર મિશન લાઈફ, ડિપાર્ટમેન્ટ ઓફ સ્કૂલ એજ્યુકેશન & લિટરેસી, એમ.ઓ.ઈ. & પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય- ભારત સરકાર તેમજ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ અને જિલ્લા શિક્ષણ સમિતિ-અમરેલીની સૂચના અને માર્ગદર્શન હેઠળ આ પહેલ કરવામાં આવી હતી. નવી શિક્ષણ નીતિ અને NCF-જીઈ-૨૦૨૩ મુજબ "બેગલેસ ડે અને આનંદદાયી શનિવાર" અંતર્ગત, ધોરણ ૬ થી ૮ના બાળકોને શિક્ષક રાજેશકુમાર એન. પાનસુરીયા દ્વારા ૩૫ વૃક્ષ કુંડાના અનુદાન અને માર્ગદર્શન-પ્રેરણાથી રચનાત્મક કાર્યમાં જોડવામાં આવ્યા હતા. "વૃક્ષ વાવો-પર્યાવરણ બચાવો-વરસાદ લાવો", જળ, જમીન, ચિલ્ડ્રન યુથ સેવા વડે બાળકોમાં સમૂહભાવના જોવા મળી હતી.

**તંત્રી લેખ**

# ભાષાનું રાજકારણ હવે નહીં ચાલે!

એક સમય હતો જ્યારે ભાષાના નામ ઉપર રાજકારણ ખેલવામાં આવતું હતું પરંતુ હવે આ મુદ્દો આઉટ ઓફ ડેટ થઈ ગયો છે કારણ કે નવી પેઢીને આવા વિવાદોમાં રસ નથી તેને પ્રગતિમાં રસ છે. કોઈપણ ભાષા બોલો તો એનો અનુવાદ તાત્કાલિક ટેકનોલોજીની મદદથી થઈ શકે છે આથી નવી પેઢી વિચારે છે કે જૂની પેઢીના નેતાઓ હવે ભાષાના નામ ઉપર ભારતના ભાગલા પાડી નહીં શકે. આજે પણ દક્ષિણના વયોવૃધ્ધ નેતાઓ જુના જમાનામાં જીવી રહ્યા છે અને હિન્દી, મરાઠી, તમિલ, અંગ્રેજી જેવી ભાષાના નામ ઉપર જનતાને ઉશ્કેરી રહ્યા છે. હવે આ વસ્તુ લોકો માટે રસપ્રદ નથી કારણ કે આજે નાનું બાળક પણ google ની મદદથી અને એઆઈ ટેકનોલોજીની મદદથી ભાષાંતર કરી શકે છે ત્યારે આ મુદ્દા પર રાજકારણ ખેલવું યોગ્ય નથી. મુંબઈ પણ હવે પહેલા કરતાં ઓછું મહારાષ્ટ્રીયન શહેર રહ્યું છે. હિન્દી ફક્ત તેના પ્રખ્યાત ફિલ્મ ઉદ્યોગની ભાષા નથી, પરંતુ ઉત્તર ભારતીય ઈમિગ્રન્ટ્સને કારણે તેની શેરીઓમાં આજીવિકાની ભાષા પણ છે. પરંતુ સ્થાનિક સ્તરે, પોતાની ભાષા પ્રત્યે ગર્વ હજુ પણ મહત્વપૂર્ણ છે, પરંતુ હવે એક ભાષાને બીજી ભાષા સામે ટક્કર આપવાની જરૂર નથી. આ જ કારણ છે કે જે લોકો ભાષાની લડાઈ લડી રહ્યા છે તેમણે સમજવું જોઈએ કે આ હારની લડાઈઓ છે જે કામચલાઉ રાજકીય લાભ આપી શકે છે પરંતુ તેને એક મર્યાદાથી આગળ ચાલુ રાખી શકાતી નથી. ભાષાકીય વિવિધતા ભારતની તાકાત છે, બહુભાષી હોવું એ એક ફાયદો છે. જે રાજકારણીઓ પાસે કહેવા માટે કંઈ નથી તેઓ ભાષાકીય કટ્ટરતાનો આશરો લઈ શકે છે. નોકરી શોધી રહેલા મોટાભાગના ભારતીય યુવાનો ભાષા પ્રત્યે પાગલ નથી. અત્યારે અંગ્રેજી ભાષાનો હવે વિરોધ કરી રહ્યા છે તેઓ પોતે અંગ્રેજીના નિષ્ણાંત છે, અંગ્રેજીમાં શિક્ષણ લીધેલું છે. દક્ષિણના નેતાઓ અંગ્રેજીના સારામાં સારા જાણકાર છે છતાં તેઓ અંગ્રેજીનો વિરોધ કરી રહ્યા છે, હિન્દીનો વિરોધ કરી રહ્યા છે અને તેના પર રાજકારણ ખીલી રહ્યા છે. આ બધા વિવાદો દક્ષિણ ભારતમાં જ ઉદ્ભવે છે ઉત્તર ભારતમાં આ બાબતમાં કોઈને રસ નથી. શાહની જેમ, ઠાકરેએ પણ પોતાના બાળકોને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં શિક્ષણ આપ્યું છે. ઠાકરે હિન્દી બોલે છે અને હિન્દીમાં ઈન્ટરવ્યુ આપે છે, છતાં તેમનું રાજકારણ 'મરાઠી-પ્રથમ' એજન્ડાની આસપાસ ફરે છે. કદાચ તેઓ ગીચ રાજકીય બજારમાં પોતાને અલગ પાડવા માટે આ કરે છે. જો અમિત શાહ માટે, હિન્દી વિવાદ ઉભો કરવો એ ભાજપને 'રાષ્ટ્રવાદી' બળ તરીકે સ્થાપિત કરવાની એક ચાલ છે, તો ઠાકરે માટે, ભાષાના મુદ્દાને પુનર્જીવિત કરવો એ ચળવળને પુનર્જીવિત કરવાનો પ્રયાસ છે જે શિવસેનાના સ્થાપક બાલ ઠાકરેનો મુખ્ય મુદ્દો હતો. આજે જ્યારે શિવસેનાના વડા બિન-મરાઠી ભાષીઓ સામે ઝેર ઓકતા હોય છે, ત્યારે આપણે યાદ રાખવાની જરૂર છે કે કાર્ટૂનિસ્ટ તરીકેની તેમની પહેલી નોકરી અંગ્રેજી અખબાર ફ્રી પ્રેસ જર્નલમાં હતી. આજે, જ્યારે શિવસેના સંપૂર્ણપણે વિભાજિત થઈ ગઈ છે અને અસ્તિત્વના સંકટનો સામનો કરી રહી છે, ત્યારે આગામી પેઢીના ઠાકરે પરિવાર ભાષાકીય ગૌરવની આડમાં ફરીથી એક થવાનો પ્રયાસ કરી રહ્યા છે. એમ.કે. સ્ટાલિન ઉત્તર વિરુદ્ધ દક્ષિણના વિવાદને ભડકાવી રહ્યા છે. તેમને માટે પણ, તમિલનાડુના લોકો પર હિન્દી "લાદવામાં" આવી રહી હોવાનો હોબાળો ઉભો કરવો એ રાજ્યમાં આવતા વર્ષે યોજાનારી ચૂંટણીઓ પહેલા એક રાજકીય હથિયાર છે. ૧૯૬૦ના દાયકામાં દ્રવિડ પક્ષોનો ઉદય મજબૂત દ્રવિડ સંસ્કૃતિને પુનર્જીવિત કરવાના હેતુથી કટ્ટર હિન્દી વિરોધી ચળવળોની આસપાસ ફરતો હતો.

# ભારત યુદ્ધની ટેકનોલોજીમાં અમેરિકાથી એક કદમ આગળ


**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**



આ પ્રોજેક્ટ હેઠળ, કદાચ બોઈંગ અથવા બોમ્બાર્ડિયર પાસેથી વિમાન ખરીદવામાં આવશે, જે એક ક્રાંતિકારી નિર્ણય હશે. ભારતે ઓપરેશન સિંદૂર દરમિયાન તેની ઉત્તમ ઈલેક્ટ્રોનિક યુદ્ધ ક્ષમતાઓનું પ્રદર્શન કર્યું. ઈલેક્ટ્રોનિક યુદ્ધમાં દુશ્મન રડાર સિસ્ટમ, હવાઈ સંરક્ષણ પ્રણાલી અને દેખરેખ ક્ષમતાઓને જામ કરવાનો અને જો જરૂરી હોય તો તેનો નાશ કરવાનો સમાવેશ થાય છે. જેના કારણે દુશ્મનની યુદ્ધ લડવાની ક્ષમતા ઘણી ઓછી થઈ જાય છે. ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતે આવું જ કર્યું હતું અને જેમ તમને યાદ હશે, ભારતે પાકિસ્તાની વાયુસેનાની લાહોર સ્થિત રડાર સિસ્ટમ, હવાઈ સંરક્ષણ પ્રણાલી અને બે સર્વેલન્સ વિમાનોનો નાશ કર્યો હતો. જેના કારણે પાકિસ્તાની વાયુસેનાએ ૭ મે પછી તેના કોઈપણ ફાઈટર પ્લેન ઉડાડ્યા નથી. આ ક્ષમતાને આગલા સ્તર પર લઈ જવા માટે, ભારતીય વાયુસેનાએ એક મોટો નિર્ણય લીધો છે. ભારતીય વાયુસેનાએ આધુનિક યુદ્ધક્ષેત્રમાં પોતાની ગુપ્તચર અને દેખરેખ ક્ષમતાઓને નવી ઊંચાઈએ લઈ જવાની દિશામાં એક ઐતિહાસિક પગલું ભર્યું છે. ભારતની સંરક્ષણ સંપાદન પરિષદ (DAC) એ ૩ જુલાઈ, ૨૦૨૫ ના રોજ ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના ISTAR (ગુપ્તચર, દેખરેખ, લક્ષ્ય સંપાદન અને જાસૂસી) પ્રોજેક્ટ માટે 'આવશ્યકતાની સ્વીકૃતિ' ને મંજૂરી આપી છે. આ નિર્ણય ભારતના ૧.૦૫ લાખ કરોડ રૂપિયાના સંરક્ષણ આધુનિકીકરણ કાર્યક્રમનો એક ભાગ છે, જેના હેઠળ વાયુસેનાને ત્રણ અત્યાધુનિક ISTAR વિમાન મળશે. આ વિમાનોની વિશેષતા એ હશે કે વિશ્વ કક્ષાના ઉડ્ડયન પ્લેટફોર્મની સાથે, DRDO દ્વારા વિકસિત સ્વદેશી ટેકનોલોજી, સેન્સર અને ઈલેક્ટ્રોનિક સિસ્ટમ્સ તેમાં સંકલિત કરવામાં આવશે. ભારતનું 'સુપર સ્પાય' વિમાન ISTAR કોઈ સામાન્ય સર્વેલન્સ એરક્રાફ્ટ નથી. તેના બદલે, તે એક 'સુપર સ્પાય' પ્લેટફોર્મ છે જે ઈલેક્ટ્રો-ઓપ્ટિકલ, સિન્થેટિક એપરચર રડાર (SAR), સિગ્નલ્સ ઈન્ટેલિજન્સ (SIGINT) અને ઈલેક્ટ્રોનિક ઈન્ટેલિજન્સ (ELINT) જેવી અત્યાધુનિક ગુપ્તચર તકનીકોને એકીકૃત કરે છે. આ વિમાન ફક્ત ડેટા એકત્રિત કરતું નથી પણ AI અને મશીન લર્નિંગ અલ્ગોરિધમનો ઉપયોગ કરીને તેનું તાત્કાલિક વિશ્લેષણ પણ કરે છે. જેના કારણે તાત્કાલિક અને ગુપ્ત માહિતી ભૂમિ સૈનિકો અને કમાન્ડ સેન્ટરો સુધી પહોંચે છે. આનાથી યુદ્ધના મેદાનમાં વ્યૂહાત્મક નિર્ણયો ઝડપથી લઈ શકાય છે અને લક્ષ્ય પર વધુ ચોકસાઈથી હુમલો કરી શકાય છે. યુરેશિયન ટાઈમ્સમાં લખતા, ભૂતપૂર્વ એર માર્શલ અનિલ ખોસલાએ કહ્યું છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ત્રણ વખત એવા પ્રસંગો બન્યા છે જ્યારે એવું લાગતું હતું કે ભારત ખતરનાક યુદ્ધમાં ફસાઈ ગયું છે. ગલવાન ખીણ અથડામણ પછી ચીન સાથે અને બે વાર પાકિસ્તાન સાથે. ભારત જે ભૂ-રાજકીય ક્ષેત્રમાં સ્થિત છે, ત્યાં હંમેશા ચારે બાજુથી જોખમો રહેલા હોય છે. ચીન સાથે વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર તણાવ અને પાકિસ્તાન સાથે ચાલી રહેલા મુકાબલા જેવી પરિસ્થિતિમાં, વાસ્તવિક સમયની ગુપ્ત માહિતી કોઈપણ લશ્કરી કાર્યવાહીની સફળતાની ચાવી બની જાય છે. ૨૦૧૯ના બાલાકોટ હવાઈ હુમલા અને ૨૦૨૦માં ચીની ઘૂસણખોરીની ઘટનાઓએ સ્પષ્ટ કરી દીધું છે કે ભારતને એવી સિસ્ટમની જરૂર છે જે સરહદ પાર કર્યા વિના દુશ્મનની પ્રવૃત્તિઓ પર નજર રાખી શકે. ISTAR વિમાન આવી જરૂરિયાતો માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે અને તે ભારતીય વાયુસેનાને નેટવર્ક-કેન્દ્રિત યુદ્ધમાં ખૂબ શક્તિ પ્રદાન કરશે. ચીનથી પાકિસ્તાન સુધી... દરેક ઈંચ દેખરેખ હેઠળ છે. આ પ્રોજેક્ટ હેઠળ, બોઈંગ અથવા બોમ્બાર્ડિયર પાસેથી વિમાન ખરીદવામાં આવશે, જે DRDO ના સેન્ટર ફોર એરબોર્ન સિસ્ટમ્સ (CABS) દ્વારા વિકસિત સ્વદેશી સેન્સર અને સંચાર પ્રણાલીઓથી સજ્જ હશે. આ વિમાન ૪૦ હજાર ફૂટની ઊંચાઈએ સતત ૮ કલાક ઉડાન ભરી શકશે. તેમના પર સ્થાપિત SAR રડાર ૨૦૦ કિલોમીટર સુધીના અંતરેથી જમીનની ઉચ્ચ-રિઝોલ્યુશન છબીઓ મેળવી શકે છે, જ્યારે ગ્રાઉન્ડ મૂવિંગ ટાર્ગેટ ઈન્ડિકેટર (GMTI) સિસ્ટમ ૧૫૦ કિલોમીટર સુધી ચાલતા વાહનો અથવા લોકોને ઓળખી શકે છે. EO/IR સેન્સર અંધારા અને ખરાબ હવામાનમાં પણ લક્ષ્યોને ઓળખવામાં સક્ષમ છે. વધુમાં, AI/ML આધારિત ઓટોમેટિક ટાર્ગેટ રેકગ્નિશન અને ચેન્જ ડિટેક્શન જેવી સુવિધાઓ આ વિમાનોને પરંપરાગત જાસૂસી વિમાનો કરતાં વધુ અદ્યતન બનાવે છે. ભૂતપૂર્વ એર માર્શલ અનિલ ખોસલાના મતે, ભારતીય વાયુસેનાની જરૂરિયાતો અનુસાર આ વિમાન ખૂબ જ મહત્વપૂર્ણ હોવા છતાં, આ માર્ગમાં ઘણી મુશ્કેલીઓ છે. અગાઉ ૨૦૧૩ અને ૨૦૧૭ માં ISTAR વિમાન ખરીદવાના પ્રયાસો થયા હતા પરંતુ અમલદારશાહી અવરોધો, કિંમત વિવાદો અને DRDO અને IAF વચ્ચેના તકનીકી તફાવતોને કારણે પ્રોજેક્ટ વારંવાર અટકી ગયો હતો. પરંતુ હવે આ પ્રોજેક્ટના માર્ગમાં આવતા અવરોધોને દૂર કરવા માટે ઘણા મુદ્દાઓ પર કામ કરવામાં આવ્યું છે. જેમાં સ્વદેશી ટેકનોલોજીના ઉપયોગ, સાયબર સુરક્ષા તેમજ વિદેશી પ્લેટફોર્મ સાથે સંકલન સંબંધિત મહત્વપૂર્ણ મુદ્દાઓ ધ્યાનમાં લેવામાં આવ્યા છે. આવી સ્થિતિમાં, ISTAR કાર્યક્રમ માત્ર ભારતીય વાયુસેનાની ક્ષમતાઓમાં અનેકગણો વધારો જ નહીં કરે, પરંતુ તે ભારતને એવા થોડા દેશોની હરોળમાં પણ મૂકશે જેમની પાસે હવાથી જમીન પર દેખરેખ અને સંકલન ક્ષમતાઓ અદ્યતન છે.

**ભારતે ડેવલપ કરેલા અતિ આધુનિક ISTAR વિમાન કોઈ સામાન્ય સર્વેલન્સ એરક્રાફ્ટ નથી. તેના બદલે, તે એક 'સુપર સ્પાય' પ્લેટફોર્મ છે જે ઇલેક્ટ્રો-ઓપ્ટિકલ, સિન્થેટિક એપરચર રડાર (SAR), સિગ્નલ્સ ઇન્ટેલિજન્સ (SIGINT) અને ઇલેક્ટ્રોનિક ઇન્ટેલિજન્સ (ELINT) જેવી અત્યાધુનિક ગુપ્તચર તકનીકોને એકીકૃત કરે છે.**

## શબ્દ સંજોગ-૨૦૩૧




**આડી ચાવી :**
(૧) વત્સ દેશના રાજા (૪)
(૪) ખાંસી, ઉધરસ (૨)
(૬) સુગંધ, સુવાસ (૩)
(૮) પંજાબની એક નદી (૪)
(૧૦) ઠંડીને લીધે વાતાવરણનું પાણી ઠરીને ધુમાડા જેવું થઈ હવામાં જામે તે (૩)
(૧૧) નાકનું ઘરેણું (૨)
(૧૨) બોરડીનું ફળ (૨)
(૧૩) એક સંખ્યા (૩)
(૧૫) જૈનોમાં એક અટક (૨)
(૧૭) અઠવાડિયાનો એક વાર (૨)
(૧૯) ઓછું, ખરાબ (૨)
(૨૦) ના, નહિ (૧)
(૨૧) ખરાબ (૨)
(૨૨) રાતું, લાલ (૨)
(૨૪) અરબી-ઉત્તમ પ્રકારનો ઘોડો (૨)
(૨૫) વિષ્ણુનો એક અવતાર (૨)
(૨૭) રામને એઠાં બોર ખવડાવનાર સ્ત્રી (૩)
(૨૮) મીઠું (૪)
(૨૯) એક ધાન્ય (૨)

**ઉભી ચાવી :**
(૧) હદય,છાતી (૨)
(૨) કાળજું, લીવર (૩)
(૩) ફરક, તફાવત (૨)
(૫) એક ફળ (૩)
(૬) સેના (૨)
(૭) શાંત, સૌમ્ય (૩)
(૮) ઘાસનો, લાકડાનો કે ધાતુનો લાંબો, પાતળો, નાનો કકડો (૨)
(૯) ભાંગે નહિ પણ વળે એવું નરમ (૪)
(૧૧) દિવસ, વાર (૩)
(૧૪) યુદ્ધ (૩)
(૧૬) જાહેરમાં કિંમત બોલાવરાવીને વધારે કિંમત આપનારને વેચવું તે (૩)
(૧૮) આરામ, વિસામો (૩)
(૨૩) શક્તિવાળું, સબળું (અ) (૩)
(૨૪) જમા-ઉધારનું તારણ (૩)
(૨૫) રાશિ, ઢગલો (૨)
(૨૬) ભરડકું, કાંજી (૨)

## શબ્દ સંજોગ-૨૦૩૦ જવાબ

**આડી ચાવી:** (૧) તુષિત (૩) મર્મર (૬) રતવા (૭) મરોડ (૮) ગરજ (૧૦) લસણ (૧૩) નઈ (૧૪) અંકમુખ (૧૬) ગજર (૨૦) રવો (૨૨) કર (૨૩) બીકણ (૨૫) કરેણ (૨૭) દાવ (૨૮) માળો (૨૯) કદરજ.
**ઉભી ચાવી:** (૧) તુરંગ (૨) તરજ (૩) મવાલ (૪) રમણ (૫) વડવાઈ (૯) રક્ષક (૧૧) સળંગ (૧૨) પાંખ (૧૩) નર (૧૪) અંગાર (૧૫) મુન (૧૭) જલેબી (૧૮) પ્યાર (૧૯) અણવર (૨૧) વોકળો (૨૨) કણક (૨૪) કદા (૨૬) પોર.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૨૫૦ | ૧૬૭૫ |
| ઘઉં લોકવન | ૪૯૮ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૪૯૪ | ૫૩૦ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૮૨૦ |
| જુવાર લાલ | ૭૦૦ | ૮૦૦ |
| જુવાર પીળી | ૩૭૦ | ૪૭૫ |
| બાજરી | ૩૬૪ | ૪૨૬ |
| તુવેર | ૧૦૫૦ | ૧૩૪૧ |
| ચણા પીળા | ૮૫૦ | ૧૧૩૫ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૨૧૦૦ |
| અડદ | ૧૧૫૦ | ૧૪૪૮ |
| મગ | ૧૩૧૧ | ૧૬૦૧ |
| વાલ દેશી | ૯૭૧ | ૧૨૩૧ |
| ચોળી | ૧૩૦૦ | ૧૮૦૦ |
| મઠ | ૧૨૦૦ | ૨૧૦૦ |
| વટાણા | ૧૩૦૦ | ૨૧૦૧ |
| કળથી | ૭૨૦ | ૮૭૫ |
| રાજમા | ૧૧૨૫ | ૧૪૨૦ |
| સીંગદાણા | ૧૪૨૫ | ૧૫૮૦ |
| મગફળી જાડી | ૯૩૦ | ૧૧૯૦ |
| મગફળી જીણી | ૯૧૫ | ૧૧૬૦ |
| તલી | ૧૪૩૦ | ૧૯૪૦ |
| એરંડા | ૧૧૯૧ | ૧૩૨૫ |
| અજમો | ૯૨૦ | ૧૩૮૦ |
| સુવા | ૯૨૫ | ૧૩૬૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૩૧ |
| સીંગફાડા | ૧૦૭૦ | ૧૩૬૫ |
| કાળા તલ | ૨૯૦૦ | ૩૮૦૫ |
| લસણ | ૬૨૦ | ૯૫૨ |
| ધાણા | ૧૨૨૪ | ૧૩૬૨ |
| ધાણી | ૧૨૪૫ | ૧૩૮૦ |
| વરીયાળી | ૮૯૦ | ૧૨૦૫ |
| જીરૂ | ૩૪૮૪ | ૩૮૦૨ |
| રાય | ૧૨૮૦ | ૧૩૮૦ |
| મેથી | ૮૪૦ | ૧૧૫૦ |
| ઇસબગુલ | ૫૦૦ | ૫૦૦ |
| અશેરીયો | ૧૩૨૦ | ૧૩૪૦ |
| કલોંજી | ૩૨૦૦ | ૪૧૦૦ |
| રાયડો | ૧૧૪૦ | ૧૨૪૦ |
| રજકાનું બી | ૪૫૮૦ | ૫૪૭૫ |
| ગુવારનું બી | ૯૪૫ | ૧૦૧૯ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૨૦૦ | ૫૫૦ |
| બટેટા | ૧૭૦ | ૩૭૧ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૩૩૦ |
| ટમેટા | ૪૫૦ | ૮૦૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૦૦૦ | ૨૫૦૦ |
| રીંગણા | ૫૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૯૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૨૦૦ |
| ટીંડોળા | ૧૦૦૦ | ૧૭૦૦ |
| દુધી | ૨૦૦ | ૫૦૦ |
| કારેલા | ૮૦૦ | ૧૨૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૪૫૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૬૦૦ | ૧૧૦૦ |
| કાકડી | ૫૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૪૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ડુંગળી લીલી | ૫૦૦ | ૯૦૦ |
| આદુ | ૫૦૦ | ૭૫૦ |
| મરચા લીલા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| મકાઇ લીલી | ૩૦૦ | ૫૦૦ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૯૨૦ | ૧૦૬૨ |
| શિંગ મોટી | ૯૬૫ | ૧૧૬૫ |
| શિંગ દાણા | ૧૩૦૦ | ૧૬૦૫ |
| શિંગ ફાડા | ૧૦૫૦ | ૧૪૬૧ |
| તલ સફેદ | ૧૦૫૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૮૩૫ |
| તલ કાશ્મીરી | ૧૫૦૦ | ૨૪૨૫ |
| બાજરો | ૧૯૦ | ૨૮૫ |
| જુવાર | ૬૧૧ | ૬૧૧ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૨૮ |
| ઘઉં લોકવન | ૪૭૫ | ૫૪૨ |
| મગ | ૧૦૦૦ | ૧૪૨૦ |
| અડદ | ૧૦૧૦ | ૧૪૨૦ |
| ચણા | ૮૨૫ | ૧૧૨૦ |
| સફેદ ચણા | ૧૦૪૦ | ૧૦૯૮ |
| છોલે ચણા | ૧૫૮૦ | ૧૫૮૦ |
| ચોળી | ૧૪૭૦ | ૧૪૭૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૭૬ |
| કપાસ | ૯૦૦ | ૧૬૩૨ |
| એરંડા | ૧૧૪૬ | ૧૨૯૮ |
| જીરૂ | ૧૭૦૦ | ૩૫૦૧ |
| ધાણા | ૧૧૦૫ | ૧૩૩૫ |
| મેથી | ૭૭૬ | ૮૮૫ |
| સોયાબીન | ૭૭૯ | ૮૦૨ |
| વરીયાળી | ૧૦૧૦ | ૧૦૧૦ |
| કાંગ | ૨૦૫ | ૪૦૧ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૯૦૦ | ૧૧૦૦ |
| ફ્લાવર | ૭૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૦૦ |
| શક્કરીયા | ૬૮૦ | ૭૮૦ |
| ટમેટાં | ૮૦૦ | ૯૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગાજર | ૬૦૦ | ૭૫૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૯૦૦ | ૧૧૦૦ |
| ગલકા | ૬૦૦ | ૭૫૦ |
| કાકડી | ૬૦૦ | ૭૧૦ |
| ગુવાર | ૧૫૦૦ | ૧૮૦૦ |
| વટાણાં | ૨૦૫૦ | ૨૪૧૦ |
| ચોળા લીલાં | ૯૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૭૫૦ | ૮૦૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મેથીભાજી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૩૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૯૦૦ | ૧૧૦૦ |
| લીમડો મીઠો | ૧૨૦ | ૧૪૦ |
| મરચાં લીલાં | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ સુકુ | ૧૫૩૦ | ૨૦૨૦ |
| મકાઈ | ૪૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૨૦ |
| પાલક | ૧૨૦૦ | ૧૫૦૦ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૧ | ૧૬૩૧ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૮ |
| ઘઉં ટુકડા | ૪૮૬ | ૫૮૦ |
| મગફળી જીણી | ૮૧૧ | ૧૧૦૬ |
| સિંગદાણા જાડા | ૧૧૫૧ | ૧૫૬૧ |
| સિંગ ફાડીયા | ૯૫૦ | ૧૩૩૧ |
| એરંડા / એરંડી | ૧૦૫૦ | ૧૩૩૬ |
| તલ કાળા | ૨૦૦૧ | ૩૬૭૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૬૫૧ |
| કલંજી | ૧૫૫૧ | ૪૦૫૧ |
| ધાણા | ૮૫૧ | ૧૪૪૧ |
| લસણ સુકું | ૫૦૧ | ૧૦૩૧ |
| ડુંગળી લાલ | ૧૦૧ | ૨૭૬ |
| અડદ | ૯૫૦ | ૧૪૦૧ |
| તુવેર | ૭૦૧ | ૧૩૦૧ |
| રાયડો | ૧૨૯૧ | ૧૨૯૧ |
| રાય | ૧૧૨૧ | ૧૩૪૧ |
| મેથી | ૫૬૧ | ૯૬૧ |
| સુવાદાણા | ૧૧૩૧ | ૧૧૩૧ |
| કાંગ | ૨૩૦ | ૬૧૧ |
| ગુવાર બી | ૮૬૧ | ૮૬૧ |
| મગફળી જાડી | ૭૭૧ | ૧૨૩૧ |
| સફેદ ચણા | ૧૧૦૧ | ૧૮૬૧ |
| મગફળી નવી | ૬૫૧ | ૧૨૦૬ |
| તલ - તલી | ૧૨૦૧ | ૨૦૪૧ |
| ઇસબગુલ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ધાણી | ૯૫૧ | ૧૫૫૧ |
| ડુંગળી સફેદ | ૧૧૧ | ૧૬૧ |
| બાજરો | ૩૦૧ | ૪૭૧ |
| જુવાર | ૪૫૧ | ૮૩૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૫૧ |
| મગ | ૧૨૦૦ | ૧૫૩૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૧૫૧ |
| વાલ | ૫૦૧ | ૧૧૧૧ |
| ચોળા / ચોળી | ૮૦૦ | ૧૬૦૧ |
| સોયાબીન | ૬૮૧ | ૮૨૬ |
| અજમાં | ૧૧૫૧ | ૧૧૫૧ |
| કળથી | ૮૦૧ | ૮૦૧ |
| ગોગળી | ૫૦૦ | ૧૦૧૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૪૦૦ | ૮૪૦ |
| મરચા | ૮૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૭૮૦ | ૨૦૦૦ |
| કોબી | ૧૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૬૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૬૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૧૩૦૦ |
| ગલકા | ૧૮૦ | ૬૦૦ |
| ગાજર | ૩૮૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૫૦૦ | ૧૧૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૩૦૦૦ |
| શક્કરીયા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| કેરી કાચી | ૬૦૦ | ૭૦૦ |
| બટેટા | ૨૪૦ | ૩૩૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૬ |
| લીમડો પુરા | ૫ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૨ | ૮ |
| કોથમીર પુરા | ૩ | ૧૨ |
| ફોદીનો પુરા | ૪ | ૮ |
| કાચા કેળા | ૪૦૦ | ૬૦૦ |
| ચુરણ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| પરવર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૫૦ | ૪૦૦ |
| મેથી પુરા | ૨ | ૨૦ |
| બીટ પુરા | ૫ | ૨૦ |
| સરગવો પુરા | ૩૦ | ૪૦ |
| ચોરા | ૪૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૪૦૦ | ૧૨૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૫૦૦ | ૮૪૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૭ |

### ધારી

| | | |
|---|---|---|
| મગફળી | ૯૦૦ | ૯૭૫ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૭ |
| તુવેર | ૧૦૦૫ | ૧૦૦૫ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૧૪૨૫ |
| તલ કાળા | ૨૫૫૦ | ૩૦૩૦ |
| ધાણા | ૯૯૦ | ૧૩૦૦ |
| મગ | ૯૦૦ | ૧૨૫૦ |
| ફાડા | ૧૨૦૦ | ૧૨૫૧ |
| સોયાબીન | ૫૦૦ | ૭૬૮ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૫૫૬ |
| ઘઉં લોકવન | ૪૮૪ | ૪૯૧ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૪૯૪ |
| ચણા | ૧૦૬૦ | ૧૦૮૦ |
| શીંગફાડા | ૧૧૪૦ | ૧૨૭૦ |
| મગફળી | ૯૪૦ | ૯૪૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૧૮૪૫ |
| સોયાબીન | ૬૨૦ | ૭૮૫ |
| મગ | ૧૧૬૫ | ૧૩૦૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૫૫૦ |
| મેથી | ૭૦૦ | ૭૦૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| બાજરો | ૩૫૦ | ૩૫૦ |
| એરંડી | ૯૦૦ | ૯૦૦ |
| તુવેર | ૮૦૦ | ૯૨૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૫૬૦ | ૧૬૬૮ |
| કપાસ મીડીયમ | ૧૪૭૦ | ૧૫૬૦ |
| મગફળી | ૧૦૨૫ | ૧૦૫૫ |
| જીરૂ | ૨૮૪૦ | ૩૭૭૦ |
| ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| તલ સફેદ | ૧૬૯૫ | ૧૭૫૫ |
| ચણા | ૧૦૬૨ | ૧૦૯૮ |
| મગ | ૧૨૮૦ | ૧૩૫૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ મોટી | ૧૦૩૦ | ૧૦૬૫ |
| શીંગ ઉનાળુ | ૧૦૬૦ | ૧૩૦૦ |
| શીંગ દાણા | ૧૨૬૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૮૮૦ |
| જીરૂ | ---- | ૩૮૦૦ |
| કપાસ | ૧૫૭૦ | ૧૬૩૫ |
| ઘઉ લોકવન | ૪૧૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૪૦ |
| બાજરો | ૩૦૦ | ૩૩૦ |
| મગ | ૧૧૫૦ | ૧૩૦૫ |
| અડદ | ---- | ૮૦૦ |
| ચણા | ૧૦૬૦ | ૧૧૨૨ |
| તુવેર | ૮૦૦ | ૧૧૫૦ |
| કળથી | ૫૦૦ | ૯૦૦ |
| ધાણા | ૭૫૦ | ૧૦૫૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૬ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૮૦૦ | ૧૦૦૯ |
| તલ સફેદ | ૧૬૧૫ | ૧૮૪૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૨૨૦૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૦૧ |
| બાજરો | ૩૬૧ | ૪૭૫ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૬૦ |
| જુવાર | ૪૦૦ | ૮૪૬ |
| મગ | ૧૨૭૦ | ૧૪૭૧ |
| તુવેર | ૯૦૦ | ૯૦૦ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૩૦ |
| ધાણા | ૧૦૦૧ | ૧૦૦૧ |
| સોયાબીન | ૭૮૦ | ૭૮૦ |
| શીંગદાણા | ૧૪૨૧ | ૧૫૨૫ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૬૫૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૬ |
| મગ | ૮૫૧ | ૧૫૧૧ |
| ચણા | ૮૦૧ | ૧૦૬૬ |
| તુવેર | ૯૦૧ | ૧૨૭૬ |
| મગફળી | ૭૦૧ | ૧૦૧૧ |
| શિંગ દાણા | ૧૩૦૧ | ૧૬૦૧ |
| શિંગ ફાડા | ૧૧૦૦ | ૧૩૧૬ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૧૮૩૬ |
| મેથી | ૫૦૦ | ૮૨૧ |
| ધાણા | ૯૦૧ | ૧૩૪૧ |
| સોયાબીન | ૬૦૧ | ૭૯૧ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૬૦ | ૧૧૪૩ |
| બાજરી હાઈબ્રીડ ૩૭૦ | | ૫૧૦ |
| ઘઉં | ૪૫૦ | ૫૨૪ |
| જુવાર | ૬૦૦ | ૭૬૧ |
| ચોળી | ૭૫૦ | ૧૬૧૧ |
| અડદ | ૧૨૫૦ | ૧૪૦૭ |
| મગ | ૧૨૦૦ | ૧૭૯૮ |
| ચણા | ૧૦૨૧ | ૧૧૧૬ |
| સફેદ તલ | ૧૨૦૦ | ૧૭૪૫ |
| કાળા તલ | ૨૬૦૦ | ૩૭૯૪ |
| સોયાબીન | ૭૭૦ | ૮૩૦ |
| સીંગદાણા | ૧૨૦૦ | ૧૬૩૨ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ મગડી | ૧૧૭૧ | ૧૪૦૪ |
| શીંગ ૩૨ | ૮૮૨ | ૧૦૨૨ |
| શીંગ જી-૨૦ | ૧૦૧૫ | ૧૦૬૩ |
| એરંડા | ૧૦૧૫ | ૧૧૩૬ |
| જુવાર | ૩૮૦ | ૬૦૦ |
| બાજરી | ૨૦૦ | ૬૧૧ |
| ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૫૪ |
| અડદ | ૧૨૭૦ | ૧૨૭૦ |
| મગ | ૧૨૪૦ | ૧૩૫૦ |
| મેથી | ૧૦૧૫ | ૧૦૧૫ |
| રાય | ૧૨૨૫ | ૧૨૮૨ |
| ચણા | ૧૦૯૩ | ૧૧૦૭ |
| તલ સફેદ | ૧૧૬૧ | ૧૯૭૨ |
| તલ કાળા | ૧૪૦૧ | ૩૭૬૨ |
| તુવેર | ૮૨૦ | ૧૧૮૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી લાલ | ૧૩૦ | ૨૩૩ |
| ડુંગળી સફેદ | ૭૦ | ૨૫૦ |
| નાળીયેર | ૧૪૧૪ | ૩૦૫૨ |

### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૪૬૦ | ૭૩૦ |
| બાજરો | ૨૬૦ | ૪૧૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૫ |
| મગ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| તુવેર | ૯૦૦ | ૧૨૦૦ |
| ચોળી | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૨૯ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૧૦૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૦૭૦ |
| એરંડા | ૧૧૮૦ | ૧૩૧૨ |
| તલ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૨૬૦૦ | ૩૬૦૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૦૯ |
| રાઈ | ૧૧૫૦ | ૧૩૬૫ |
| લસણ | ૪૭૫ | ૧૦૩૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૭૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૭૩૦ |
| અજમો | ૧૧૫૫ | ૨૯૦૦ |
| ધાણા | ૧૦૨૦ | ૧૩૪૫ |
| ધાણી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ડુંગળી સૂકી | ૫૦ | ૨૨૫ |
| સોયાબીન | ૭૮૦ | ૮૫૦ |
| વટાણા | ૩૦૦ | ૫૪૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# રાજ્યના ક્ષતિગ્રસ્ત માર્ગોનું તાત્કાલિક રિપેરીંગ કરવા મુખ્યમંત્રીની સૂચના

ગાંધીનગર,તા.૦૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદથી હાઈવે અને ગ્રામીણ તથા શહેરી માર્ગોને જ્યાં નુકસાન થયેલું છે ત્યાં યુદ્ધના ધોરણે રિપેર કરીને રસ્તાઓ પુનઃ પૂર્વવત બનાવવા તાકીદ કરી છે. વિકાસની ધોરીનસ અને નાગરિક જીવનમાં રોજિંદા યાતાયાત માટે અતિ મહત્વના એવા રોડ નેટવર્કની તત્કાલ મરામત હાથ ધરાય તેવા દિશાનિર્દેશો પણ મુખ્યમંત્રીએ ઉચ્ચસ્તરીય બેઠકમાં આપ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામીણ વિસ્તારો તેમજ નગરો-મહાનગરો સહિત નેશનલ હાઈવે, રાજ્ય ધોરીમાર્ગ, પંચાયત હસ્તકના માર્ગોની પ્રવર્તમાન સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા ગાંધીનગરમાં સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ બેઠકમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, માર્ગો-પુલોની મરામત માટે પેચવર્ક કરવા માટે વરસાદ બંધ થવાની રાહ ન જોવી જોઈએ. વરસાદ વગરનો કે ઓછો વરસાદ હોય તેવો એક પણ દિવસ વ્યર્થ ન જાય અને રજાનો દિવસ હોય તો પણ પ્રજાના હિતમાં રિપેરીંગ કામગીરી ચાલુ જ રહે તેવા દિશાનિર્દેશો મુખ્યમંત્રીએ યોજેલી બેઠકમાં આપ્યા હતા.




મુખ્યમંત્રીએ બેઠકમાં કહ્યું કે, જે કામોમાં ડિફેક્ટ લાયાબીલીટી પિરિયડ દરમિયાન નુકસાન થયું હોય કે, મરામતની જરૂર પડી હોય તેવા કિસ્સામાં ઈજારદારની જવાબદારી ફિક્સ કરીને પગલાં લેવાવા જ જોઈએ. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ એવી પણ તાકીદ કરી હતી કે કામો ગુણવત્તાયુક્ત થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ. રાજ્યની મહાનગરપાલિકાઓ મ્યુનિસિપલ કમિશનરો આ બેઠકમાં વીડિયો કોન્ફરન્સથી જોડાયા હતા. મુખ્યમંત્રીએ મહાનગરોમાં રસ્તા, અંડરબ્રિજ, વોટર લોગિંગ વગેરેની સમસ્યા જ્યાં છે ત્યાં ત્વરાએ મરામત કામગીરી હાથ ધરી શહેરોમાં પરિસ્થિતિ પૂર્વવત કરવા પણ સૂચનો કર્યા હતા. એટલું જ નહિ, શહેરોમાં આ સમસ્યાના લાંબાગાળાના નિવારણના ઉપાયો હાથ ધરવાનું આયોજન કરવા પણ એમણે સૂચવ્યુ હતું. મુખ્યમંત્રીએ મરામત કામોમાં NHAI, માર્ગ મકાન વિભાગ, પંચાયત, નગરપાલિકાઓ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન વચ્ચે સંકલન સાધીને ટીમવર્કથી કામગીરી માટેના સૂચનો પણ કર્યા હતા. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, વરસાદને કારણે માર્ગો પર પાણી ભરાવા, પુલો-નાળા કોઝવેને નુકસાન કે ડામર રોડને નુકસાન જેવી બાબતો તાત્કાલિક ધ્યાન પર લેવાવી જોઈએ. આ હેતુસર ગાંધીનગરમાં નિર્માણ ભવન ખાતે કાર્યરત ૨૪x૭ કંટ્રોલ રૂમને માહિતી મળે કે તુરંત જ સંબંધિત અધિક્ષક, કાર્યપાલક, નાયબ ઈજનેરને સ્થળ પર જઈને મરામત માટેની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા તેમણે દિશાનિર્દેશો આપ્યા હતા. મુખ્યમંત્રી સમક્ષ હાઈવેની સ્થિતિ અંગે NHAIના અધિકારીઓએ કહ્યું કે, આ વર્ષે ચોમાસા દરમિયાન નેશનલ હાઈવેને જે ૮૩ કિ.મી.માં નુકસાન થયું છે તેમાંથી ૫૮ કિલોમીટરમાં મરામત કામ પૂર્ણ થયું છે અને બાકીના ૨૫ કિલોમીટરનું કામ ત્વરિતે પૂર્ણ કરી દેવાશે.

**રજાનો દિવસ હોય તો પણ પ્રજાના હિતમાં રિપેરીંગ કામગીરી ચાલુ જ રહે તેવા દિશાનિર્દેશ મુખ્યમંત્રીએ આપ્યા**

## વડીયા શહેરમાં આખલો ગાંડો થતા રાહદારીઓને ઢીંકે ચડાવ્યા

વડીયા,તા.૦૭



વડીયામાં સોમવારે એક આખલો ગાંડો થયો હોવાથી બે-ત્રણ લોકોને ઢીંકે ચડાવતા લોકોમાં નાસભાગ મચી જવા પામી હતી. બસ સ્ટેશન વિસ્તારમાં આખલો ગાંડો થતા રાહદારીમાં ભયનો માહોલ છવાયો હતો. આખલો ગાંડો થતા લોકોના ટોળા એકત્ર થયા હતા. આ બાબતે પશુ ડોકટરને બોલાવી આખલાને બેભાન કરવા માટે ઈન્જેકશન આપ્યુ હતું. આ અંગે ડોકટરે જણાવ્યું હતું કે, ભાનમાં આવ્યા બાદ જો આખલો ઘાસચારો ખાવા લાગશે તો બચી જશે નહીતર મોતને ભેટશે.

## લોકમેળા ઓર્ગેનાઈઝેશન એસો. દ્વારા એસ.ઓ.પી. મામલે ફેરફાર લાગુ કરવા કેન્દ્રીય કેબિનેટ મંત્રી માંડવીયાને આવેદનપત્ર અપાયું

ધોરાજી, તા.૦૭

ધોરાજીની મુલાકાતે આવેલા પોરબંદરના સાંસદ અને કેન્દ્રીય કેબિનેટ મંત્રી મનસુખભાઈ માંડવીયાને મેળા ઓર્ગેનાઈઝેશન વેલફેર એસોસિયેશનના કારોબારી સદસ્ય અરવિંદભાઈ બગડા સહિત સભ્યો દ્વારા મેળા ઉત્સવમાં યાંત્રિક રાઈડની સરકાર દ્વારા સૂચિત કરાયેલ એસ.ઓ.પી. ગાઈડલાઈનમાં ફેરફાર



અને સુધારા સૂચવવા મામલે આવેદનપત્ર સાથે રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમાં જણાવાયું હતું કે કુશળ કારીગરો દ્વારા રાઈડ બનાવવામાં આવે છે. એસ.બી.એ. રિપોર્ટ, લોખંડ અને સ્ટ્રક્ચર્સ, ઈલેક્ટ્રિક અને ફાયર એનઓસી, પોલીસ અને એન્જિનિયરનો રિપોર્ટ, સ્ટ્રક્ચર રિપોર્ટ, વીમા કવચ અને સીસીટીવી કેમેરા સહિત નિયમોનું પાલન કરવામાં આવે છે. ત્યારે સરકાર દ્વારા નાના વેપારી અને રાઈડ સંચાલકોને ગુજરાન ચાલી રહે તે માટે સરકારે મેળાની માર્ગદર્શિકામાં આવશ્યક ફેરફારો કરવામાં આવે તેવી માગણી લેખિતમાં કરવામાં આવી હતી.

## કુંડળધામ દ્વારા ટીંબીની માનવસેવા હોસ્પિટલને રૂ. ૧૧ લાખનું દાન અપાયું

બોટાદ,તા.૦૭



બોટાદ જિલ્લાના કુંડળ ખાતેના શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થક્ષેત્ર દ્વારા તા.૦૩/૦૭/૨૦૨૫ના રોજ સંસ્થાપક પ.પૂ. ગુરુવર્ય શ્રી જ્ઞાનજીવનદાસ સ્વામીજીની આજ્ઞાથી તેમના અનુગામી પૂજ્ય શ્રી ઈશ્વરચરણદાસ સ્વામીજીનાં હસ્તે રૂ. ૧૧ લાખના અનુદાનનો ચેક ટીંબીની સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલનાં વહીવટીકર્તા ટ્રસ્ટી બી.એલ. રાજપરાને અર્પણ કરેલ છે. આ તકે બી.એલ. રાજપરા દ્વારા હોસ્પિટલનાં પ્રણેતા બ્ર.પ.પૂ. સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજનાં "જીવન ચરિતામૃત' ગ્રંથ અને શાલ અર્પણ કરીને પ.પૂ. જ્ઞાનજીવનદાસ સ્વામીજીની ભાવવંદના કરવામાં આવી હતી.

## અમરેલીના સાંસદના પિતાજી સ્વ.મનુભાઈ સુતરીયાને અનેક અગ્રણીઓએ શ્રધ્ધાંજલિ પાઠવી





અમરેલી,તા.૦૭

લાઠી તાલુકાના જરખીયા ગામે સાંસદ ભરતભાઈ સુતરીયાના પિતા મનુભાઈ સુતરીયાનું દુઃખદ અવસાન થતા સદ્‌ગત મનુભાઈ સુતરીયાનું બેસણું તા.૭ને સોમવારના રોજ રાખવામાં આવ્યુ હતું. સાંસદ ભરતભાઈ સુતરીયાના પિતાના બેસણામાં વિવિધ પક્ષના રાજકીય આગેવાનો, સામાજિક સંસ્થાઓના આગેવાનો તેમજ સેવાકીય આગેવાનો હાજર રહ્યાં હતા. સ્વ.મનુભાઈ સુતરીયાને તમામ સમાજના આગેવાનોએ શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.

## બાબરાના ઈંગોરાળા ગામેથી પીર ખીજડીયા જવાના રસ્તે ૧૮૦૦ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

અમરેલી, તા.૦૭

બાબરા પંથકમાં દેશી વિદેશી દારૂનું ધૂમ વેચાણ થતું હોવાની અનેકવાર ફરિયાદો ઉઠવા પામી છે. સમગ્ર અમરેલી જિલ્લામાંથી દેશી વિદેશી દારૂના દૂષણને નાબૂદ કરવા અમરેલી જિલ્લા પોલીસ વડાએ આદેશ આપતા બાબરા પોલીસની ટીમ પેટ્રોલિંગ કરતી હતી ત્યારે બાબરા પોલીસને બાતમી મળી હતી કે ઈંગોરાળા થી પીર ખીજડીયા જવાના રસ્તે એક કન્ટેનરમાં વિદેશી દારૂ ભરેલો હોય જેથી બાબરા પીઆઈ જાડેજાની રાહબરી હેઠળ બાબરા પોલીસના કર્મચારીઓએ બાતમી વાળી જગ્યાએ રેડ કરતા બાતમીવાળી જગ્યાએથી એક કન્ટેનરમાંથી ૧૮૦૦ જેટલી વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. આ દારૂની બોટલની કિંમત રૂપિયા ૨.૫૯ લાખ તેમજ કન્ટેનરની કિંમત ૨૫ લાખ અને એક hero honda કંપનીનું ડીલક્ષ મોટરસાયકલ મળી કુલ રૂપિયા ૨૮.૯ લાખનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો. બાબરા પોલીસે કરેલી કડક કાર્યવાહીને કારણે બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.



**જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીની હાજરીમાં કેસરિયા કર્યા**

## વડેરાના સરપંચ ભરત હપાણી ફરી ભાજપમાં જોડાયા

અમરેલી,તા.૦૭



અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીની અધ્યક્ષતામાં અમરેલી ખાતે આયોજીત સરપંચ સન્માન સમારોહમાં અમરેલી જિલ્લા કોંગ્રેસનાં આગેવાન અને વડેરાના સરપંચ ભરતભાઈ હપાણી, પૂર્વ સરપંચ કમલેશભાઈ દેથળીયાએ કેસરિયા કર્યા હતા. ભરતભાઈ હપાણી સાથે આવેલા આગેવાનોને જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, અમરેલીનાં ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, ધારીના ધારાસભ્ય જે.વી. કાકડીયા, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં ભારતીય જનતા પાર્ટીમાં આવકાર આપવામાં આવ્યો હતો.

## સુરતમાં નિર્દોષાનંદજી સેવા સત્સંગ મંડળ દ્વારા ગુરુપૂર્ણિમાના દિને રક્તદાન અને આયુર્વેદ કેમ્પ

અમરેલી, તા.૦૭

સંન્યાસી સ્વામીશ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી સેવક સમુદાય દ્વારા સુરતમાં ગુરુવારે ગુરુપૂર્ણિમા મહોત્સવનું ભવ્ય આયોજન કરાયું છે. ટીંબીની સ્વામીશ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલનાં દર્દીઓનાં લાભાર્થે રક્તદાન મહાશિબિર યોજાશે. આ ઉપરાંત નિઃશુલ્ક દંત યજ્ઞ અને આયુર્વેદ કેમ્પ પણ યોજાશે. જેમાં દાંતનાં તમામ રોગોની સારવાર કરાશે. આ ઉપરાંત કમરનાં અને સાંધાનાં દુઃખાવા, ડાયાબિટીસ, બીપી, ચિકનગુનિયા, એસિડિટી, કબજિયાત, ચર્મરોગ, બાળકોના રોગો, કિડનીનાં રોગો, તાવ, શરદી વગેરે તમામ રોગોની આયુર્વેદ પદ્ધતિથી નિઃશુલ્ક સારવાર કરાશે. આ સમગ્ર મહોત્સવનું જીવંત પ્રસારણ આશ્રમની યુટ્યુબ ચેનલ ગુરુ સાન્નિધ્ય પર પ્રસારિત થશે. આ મહોત્સવ હેવન પાર્ટી પ્લોટ, કોસમાડા પાટિયા, કેનાલ રોડ સુરત ખાતે ઉજવાશે.


લાખ લાખ અભિનંદન



શ્રી રાજુભાઈ શિયાણી — ઉપપ્રમુખ, બિલ્ડર એસોસિએશન - અમરેલી
શ્રી સંજયભાઈ વાગડીયા — મહામંત્રી, બિલ્ડર એસોસિએશન - અમરેલી
શ્રી ચંદુભાઈ વોરા — મહામંત્રી, બિલ્ડર એસોસિએશન - અમરેલી
શ્રી દીપકભાઈ મહેતા — ઉપપ્રમુખ, બિલ્ડર એસોસિએશન - અમરેલી

અમરેલી જિલ્લા બિલ્ડીંગ કોન્ટ્રાક્ટર તથા બિલ્ડર્સ એસોસિએશનમાં અમારા પરમ સ્નેહી મિત્રો પ્રમુખશ્રી હિમતભાઈ સોળિયા, શ્રી રાજુભાઈ શિયાણી તથા દીપકભાઈ મહેતા ઉપપ્રમુખ તરીકે અને શ્રી સંજયભાઈ વાગડીયા તથા ચંદુભાઈ વોરાની મહામંત્રી પદે તથા તમામ સભ્યશ્રીઓ, હોદ્દેદાશ્રીઓને નિયુક્તિ થવા બદલ ખુબ ખુબ અભિનંદન..

: શુભેચ્છક :
નિમેષકુમાર કે. બાંભરોલીયા
એડવોકેટ અને નોટરી (ભારત સરકાર)


**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૧૨૧/૨૦૨૫

અરજદાર :- શ્રી બાબુભાઈ ધનજીભાઈ સંઘાણી
રહે.સુરત, સી-૧૫૬, મહાલક્ષ્મી સોસાયટી,
કિરણ ચોક, ગજાનંદની બાજુમાં, સુરત

**વિરૂધ્ધ**

સામાવાળાઃ- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. માળીલા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના માળીલા ગામમાં અરજદારશ્રી બાબુભાઈ ધનજીભાઈ સંઘાણી તેઓના પુત્રી નયના બાબુભાઈ સંઘાણીની જન્મ (તા.૧૪/૦૬/૧૯૭૯) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૧૦/૨૦૨૫ — તા.૦૩/૦૭/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. પાંચાભાઈ નાગજીભાઈ સુહાગિયા
રહે. લીખાળા તા. સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી લીખાળા તા. સાવરકુંડલા જી.અમરેલી તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર અશોકભાઈ વિરજીભાઈ સુહાગિયાનો જન્મ તા.૨૫/૦૩/૧૯૭૧ ના રોજ મુ.લીખાળા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૧૪/૨૦૨૫ — તા.૦૫/૦૭/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. વાઘેલા સંજયભાઈ કનુભાઈ
રહે. બોરાળા તા. સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી બોરાળા તા. સાવરકુંડલા જી.અમરેલી તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના બહેન મનિષાબેન કનુભાઈ વાઘેલાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૯૫ ના રોજ મુ.બોરાળા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૧૧/૨૦૨૫ — તા.૦૩/૦૭/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. રમેશભાઈ ગોવીંદભાઈ પટેલ
રહે. મુ. તા. સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા તા.સાવરકુંડલા જી. અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી રમેશભાઈ ગોવિંદભાઈ પટેલનો જન્મ તા.૨૯/૦૯/૧૯૫૭ ના રોજ મુ. તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.


વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# ભારે વરસાદને કારણે કેદારનાથ યાત્રા સ્થગિત કરવા તંત્રનો નિર્ણય

(એચ.એસ.એલ),કેદારનાથ,તા.૭

કેદારનાથ યાત્રા સંબંધિત મોટા સમાચાર સામે આવ્યા છે. ભારે વરસાદને કારણે કેદારનાથ યાત્રા બંધ કરવામાં આવી છે. સોનપ્રયાગ અને ગૌરીકુંડમાં મુસાફરોને રોકવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે હવામાન વિભાગે આજે રુદ્રપ્રયાગ અને ચમોલી જિલ્લાઓ માટે વરસાદની ચેતવણી જારી કરી છે. ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ અને આસપાસના



વિસ્તારોમાં ભારે વરસાદને કારણે અલકનંદા નદીમાં પાણીનું સ્તર વધ્યું છે. જોકે, નદી હજુ પણ ખતરાના નિશાનથી નીચે વહી રહી છે. ખરેખર, ઉત્તરાખંડમાં આ દિવસોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. તેના કારણે ભૂસ્ખલનની ઘટનાઓ પણ સામે આવી રહી છે. તાજેતરમાં, ભારે વરસાદને કારણે સોનપ્રયાગમાં ભૂસ્ખલન થયું હતું, જેમાં કેદારનાથથી પરત ફરી રહેલા ૪૦ થી વધુ શ્રદ્ધાળુઓ ફસાયા હતા. જોકે, બાદમાં રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળોએ સોનપ્રયાગ ભૂસ્ખલન વિસ્તાર નજીક ફસાયેલા ૪૦ શ્રદ્ધાળુઓને સફળતાપૂર્વક બચાવ્યા હતા. ઉત્તરાખંડમાં સતત વરસાદને કારણે, ઘણા વિસ્તારોમાં વીજળી પુરવઠો પણ ખોરવાઈ ગયો છે. ઘણા ભાગોમાં પાણી પુરવઠો પ્રભાવિત થયો છે.

# બિહાર મતદાર યાદી સુધારણા કેસ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો, ૧૦મીએ અરજીઓની સુનાવણી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૭

સુપ્રીમ કોર્ટે બિહારમાં આગામી ચૂંટણીઓ પહેલાં મતદાર યાદીઓના ખાસ સઘન સંશોધનની પ્રક્રિયાને પડકારતી અરજીઓની સુનાવણી માટે ૧૦ જુલાઈની તારીખ નક્કી કરી છે. કોર્ટે આ કેસમાં દાખલ કરેલી અરજીઓ સ્વીકારી અને કહ્યું કે તે નિર્ધારિત તારીખે ચૂંટણી પંચના પગલાની માન્યતા પર વિચાર કરશે.

વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલના નેતૃત્વમાં અનેક અરજદારો દ્વારા



રજૂ કરાયેલી દલીલોની નોંધ લેતા, ન્યાયાધીશ સુધાંશુ ધુલિયા અને જોયમલ્યા બાગચીની આંશિક કાર્યકારી દિવસ (પીડબ્લ્યુડી) બેન્ચ ગુરુવારે (૧૦ જુલાઈ) ના રોજ આ મામલાની સુનાવણી કરવા સંમત થઈ હતી. સિબ્બલે બેન્ચને આ અરજીઓ પર ચૂંટણી પંચને નોટિસ જારી કરવા વિનંતી કરી. આના પર, ન્યાયાધીશ ધુલિયાએ કહ્યું, અમે ગુરુવારે આ મામલાની સુનાવણી કરીશું. કપિલ સિબ્બલે કહ્યું કે લાખો મતદારો, ખાસ કરીને ગરીબો અને મહિલાઓના અધિકારો જોખમમાં છે શું અમારો AI સારાંશ તમારા માટે ઉપયોગી હતો? અમને જણાવો. સુપ્રીમ કોર્ટે બિહારમાં મતદાર યાદીના ખાસ સઘન સુધારણા પર હાલ પૂરતો વચગાળાનો સ્ટે લાદવાનો ઈનકાર કર્યો છે.

# દલાઈ લામાને ભારત રત્ન આપવા સાંસદોએ કેન્દ્ર સરકારને પત્ર લખ્યો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૭

સાંસદોના એક મંચ દ્વારા તિબેટીયન આધ્યાત્મિક નેતા અને ગુરુ દલાઈ લામાને ભારત રત્ન આપવાની માંગ કરવામાં આવી છે. આ સર્વપક્ષીય મંચમાં ભાજપ, બીજેડી અને જેડીયુ જેવા પક્ષોના સાંસદોનો સમાવેશ થાય છે. સાંસદોએ કેન્દ્ર સરકાર પાસે દલાઈ લામાને ભારત રત્નથી સન્માનિત કરવાની માંગ કરી છે.

તિબેટ માટે ઓલ-પાર્ટી ઈન્ડિયન પાર્લામેન્ટરી ફોરમે તાજેતરમાં તેની બીજી બેઠકમાં સર્વાનુમતે આ પ્રસ્તાવને ટેકો આપ્યો અને સરકારને એક પત્ર મોકલ્યો. આ પત્રમાં દલાઈ લામાને સંસદના સંયુક્ત સત્રને સંબોધિત કરવાની મંજૂરી આપવાની પણ વિનંતી કરવામાં આવી હતી, જે સંભવતઃ ચીનની નારાજગીનું કારણ બની શકે છે.

ફોરમે ભારત રત્ન માટે દલાઈ લામાના નામાંકન માટે સહી ઝુંબેશ પણ શરૂ કરી છે, જેમાં અત્યાર સુધીમાં લગભગ ૮૦ સાંસદોના હસ્તાક્ષર એકત્રિત કરવામાં આવ્યા છે.

# ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ બનવા માટે પાંચ કેન્દ્રીય મંત્રીઓ વચ્ચે હોડ લાગી, દાવેદારોને લઈ સંગઠનમાં ચર્ચા

નવીદિલ્હી,તા.૭

દેશ જ નહીં પણ દુનિયાની સૌથી મોટી પાર્ટી ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ અંગે અટકળો તેજ થઈ ગઈ છે. એવું માનવામાં આવે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દેશમાં પાછા ફર્યા પછી આ જાહેરાત થઈ શકે છે. ત્રણ કેન્દ્રીય મંત્રીઓ શિવરાજ ચૌહાણ, ધર્મેન્દ્ર પ્રધાન અને મનોહર લાલ ખટ્ટરના નામ પણ રેસમાં છે. ઓબીસી



નેતા તરીકે ભૂપેન્દ્ર યાદવનું નામ પણ રેસમાં હોવાનું કહેવાય છે. ભાજપના કેટલાક મહિલા નેતાઓના નામ પણ આ રેસમાં સામે આવ્યા છે, જેમાં નિર્મલા સીતારમણ અને પુરંદેશ્વરીનો સમાવેશ થાય છે. આ રીતે પાંચ કેન્દ્રીય મંત્રીઓ રેસમાં હોવાનું કહેવાય છે.

ભાજપ સંગઠનના બંધારણ મુજબ, તેમણે પૂરતી સંખ્યામાં પ્રદેશ પ્રમુખોની પસંદગી કરી છે, જે રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી માટે જરૂરી છે. એવું માનવામાં આવે છે કે સંભવિત દાવેદારોને લઈને સંગઠનમાં ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. ભાજપ પ્રમુખ જેપી નડ્ડાનો કાર્યકાળ જાન્યુઆરી ૨૦૨૩માં જ પૂર્ણ થયો હતો.

# ઓપરેશન સિંદૂર પછી ચીન રાફેલ ફાઈટર જેટને બદનામ કરતું હોવાનો ફ્રેન્ચ ગુપ્તચર અહેવાલમાં દાવો

નવીદિલ્હી,તા.૭

ફ્રાન્સની લશ્કરી અને ગુપ્તચર એજન્સીઓએ એક અહેવાલમાં ખુલાસો કર્યો છે કે ચીન તેના દૂતાવાસો દ્વારા ફ્રાન્સના ફાઈટર જેટ રાફેલ વિરુદ્ધ પ્રચાર ફેલાવી રહ્યું છે અને ફ્રેન્ચ ફાઈટર જેટની ક્ષમતા અંગે શંકા પેદા કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. ખાસ કરીને મે મહિનામાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષ પછી આ પ્રચાર વધ્યો છે. ચીન તેના ફાઈટર જેટને રાફેલ ફાઈટર જેટ કરતાં વધુ સારા તરીકે રજૂ કરી રહ્યું છે. અહેવાલો અનુસાર, ચીની દૂતાવાસોમાં પોસ્ટ કરાયેલા સંરક્ષણ એટેચ વિવિધ દેશોને રાફેલ ફાઈટર જેટ ન ખરીદવા માટે આગ્રહ કરી રહ્યા છે. ખાસ કરીને ઈન્ડોનેશિયાને મનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, જે રાફેલ જેટ ખરીદવાનું વિચારી રહ્યું છે. એટલું જ નહીં, ચીન તેના ફાઈટર જેટને પ્રોત્સાહન આપી રહ્યું છે અને વિવિધ દેશો પર તે ખરીદવા માટે દબાણ કરી રહ્યું છે. પહેલગામ આતંકવાદી હુમલા પછી, મે મહિનામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ભીષણ સંઘર્ષ થયો હતો.

# ભારતની બધી ભાષાઓ રાષ્ટ્રીય ભાષાઓ છે અને બધા લોકો પહેલાથી જ પોતાની ભાષામાં શિક્ષણ લે છે : આરએસએસ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૭

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત પ્રચારકોની ૩ દિવસીય વાર્ષિક બેઠક પૂર્ણ થઈ. બેઠકમાં સંઘના શતાબ્દી વર્ષ માટેની સંગઠનાત્મક બાબતો અને યોજનાઓ પર ચર્ચા કરવામાં આવી, જ્યારે સંગઠને દેશ સામેના વિવિધ આંતરિક સુરક્ષા પડકારો પર પણ ચર્ચા કરી. આ સાથે ભાષા વિવાદ પર પણ ચર્ચા કરવામાં આવી. સંઘ હંમેશા એવું માનતો




રહ્યો છે કે ભારતની બધી ભાષાઓ રાષ્ટ્રીય ભાષાઓ છે અને બધા લોકો પહેલાથી જ પોતાની ભાષામાં શિક્ષણ લે છે. આ વાત સંઘમાં પહેલાથી જ સ્થાપિત છે. સોમવારે (૭ જુલાઈ) આરએસએસ પ્રવક્તા સુનીલ આંબેકરે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ દરમિયાન તેમણે બેઠક વિશે વિગતવાર માહિતી આપી હતી અને જણાવ્યું હતું કે બેઠકમાં ત્રણ પ્રકારના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં પહેલો સંઘ કાર્યનો વિસ્તાર, બીજો શતાબ્દી વર્ષ ઉજવણી અને ત્રીજો દેશના વિવિધ પ્રાંતોની પરિસ્થિતિ હતી. આંબેકરે જણાવ્યું કે બેઠકમાં મણિપુરમાં શાંતિ સ્થાપિત કરવા માટે સંઘના પ્રયાસો પર ચર્ચા કરવામાં આવી હતી.

# ૯ જુલાઈએ સમગ્ર બિહારમાં ખાસ સઘન મતદાર સુધારણા કાર્યક્રમ સામે વિરોધ પ્રદર્શન કરાશે : તેજસ્વી

પટણા,તા.૭

ઈન્ડિયા એલાયન્સના નેતાઓએ ચૂંટણી પંચના મતદાર સુધારણા કાર્યનો એક થઈને વિરોધ કર્યો છે. સોમવારે બપોરે, ઈન્ડિયા એલાયન્સના નેતાઓએ આરજેડી કાર્યાલય ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. વિપક્ષના નેતા તેજસ્વી યાદવે કહ્યું કે અમે ૯ જુલાઈએ સમગ્ર બિહારમાં ખાસ સઘન મતદાર સુધારણા કાર્યક્રમ ૨૦૨૫ સામે



વિરોધ પ્રદર્શન કરીશું. બિહારના દરેક જિલ્લામાં ચક્કા જામ થશે. લોકશાહી પર હુમલો થઈ રહ્યો છે. ચૂંટણી પંચ જેવી બંધારણીય સંસ્થાઓનો દુરુપયોગ થઈ રહ્યો છે. બિહારના ગરીબ, વંચિત, દલિતોને મતદાનના અધિકારથી વંચિત રાખવાનું ષડયંત્ર રચાઈ રહ્યું છે. તેમણે કહ્યું કે ગરીબ મતદારો સાથે અન્યાય થઈ રહ્યો છે. આના વિરોધમાં, અમે આખા બિહારમાં રસ્તાઓ રોકીશું. રાહુલ ગાંધી પણ આમાં ભાગ લેશે. અમે આ કાર્ય પૂર્ણ તાકાતથી પૂર્ણ કરીશું. તેજસ્વી યાદવે કહ્યું કે અમે અગાઉ પણ આ પ્રશ્ન પૂછ્યો હતો અને આજે અમે ફરીથી પૂછી રહ્યા છીએ કે શું ભારતના ચૂંટણી પંચને બિહાર ખાસ સઘન મતદાર સુધારણા કાર્યક્રમ ૨૦૨૫ હેઠળ મતદાર યાદીમાં નામ ઉમેરવા માટે ફક્ત ૧૧ દસ્તાવેજો માંગવાનો અધિકાર છે? તેનો બંધારણીય અને કાનૂની આધાર શું છે? શું ભારતના ચૂંટણી પંચને ફક્ત તે ૧૧ દસ્તાવેજોને માન્ય ગણવાનો અને અન્ય કોઈ દસ્તાવેજને નકારવાનો અધિકાર છે?

# યોગી સરકારે ધર્માંતરણ રોકવા માટે ધર્માંતરણ બિલમાં સુધારો કરીને તેને વધુ કડક બનાવ્યું

લખનૌ, તા.૭

તાજેતરમાં ઉત્તર પ્રદેશની પ્રયાગરાજ પોલીસ દ્વારા ધર્માંતરણ રેકેટનો પર્દાફાશ થયા પછી, યોગી સરકારે ધર્માંતરણ રોકવા માટે કડક વલણ અપનાવ્યું છે. યોગી સરકારે ધર્માંતરણ રોકવા માટે ધર્માંતરણ બિલમાં સુધારો કરીને તેને વધુ કડક બનાવ્યું છે. સરકારે ઉત્તર પ્રદેશ ગેરકાયદેસર ધર્મ પરિવર્તન પ્રતિબંધ



સુધારો અધિનિયમ ૨૦૨૪ લાગુ કર્યો. બિલમાં, હકીકતો છુપાવીને અથવા ધાકધમકી આપીને ધર્મ પરિવર્તનને ગુનો ગણવામાં આવ્યો છે. બિલમાં આજીવન કેદ સુધીની સજાની જોગવાઈ છે.

તમને જણાવી દઈએ કે ૫ જુલાઈના રોજ, એટીએસએ ગેરકાયદેસર ધર્મ પરિવર્તન કેસમાં જમાલુદ્દીન ઉર્ફે ચાંગુર બાબા અને તેના સહયોગી નીતુ ઉર્ફે નસરીનની ધરપકડ કરી હતી.

# હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદને કારણે અત્યાર સુધીમાં ૭૮ લોકોના મોત

શિમલા,તા.૭

ગયા મહિને હિમાચલ પ્રદેશમાં ચોમાસાની શરૂઆતથી, રાજ્યના ઘણા ભાગોમાં વરસાદે તબાહી મચાવી છે. હિમાચલ પ્રદેશ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, રાજ્યમાં હવામાન સંબંધિત ઘટનાઓમાં અત્યાર સુધીમાં ૭૮ લોકોના મોત થયા છે. આમાંથી ૫૦ મૃત્યુ વરસાદ સાથે સંબંધિત છે. હિમાચલ પ્રદેશમાં ચોમાસાને કારણે મૃત્યુઆંકમાં વધારો થવાને કારણે જાહેર સુવિધાઓ હજુ પણ ખોરવાઈ છે.

હિમાચલ પ્રદેશમાં ચોમાસા દરમિયાન હવામાન સંબંધિત ઘટનાઓને કારણે મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. ભારે વરસાદને કારણે રાજ્યના ઘણા ભાગોમાં અચાનક પૂર, વાદળ ફાટવા, ભૂસ્ખલન વગેરેને કારણે લોકો મૃત્યુ પામ્યા છે. મોટાભાગના લોકો મંડીમાં મૃત્યુ પામ્યા છે.

# ઉધ્ધવ ઠાકરે સાથે ગઠબંધન અંગે કોઈ નિવેદન નહી આપવા રાજ ઠાકરેએ પોતાના પ્રવક્તાઓને આપ્યો આદેશ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૭

મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ તેમના તમામ અધિકારીઓ અને પ્રવક્તાઓને કડક સૂચના આપી છે કે શિવસેના (ઠાકરે જૂથ) સાથે સંભવિત ગઠબંધન અંગે કોઈપણ પ્રકારનું જાહેર નિવેદન ન આપે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે આ મુદ્દા પર કંઈપણ બોલતા પહેલા તેમની પરવાનગી લેવી ફરજિયાત રહેશે. બે દાયકાથી વધુ સમય પછી, ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે એક જ મંચ પર સાથે જોવા મળ્યા હતા. ભાજપની આગેવાની હેઠળની સરકાર દ્વારા હિન્દી ભાષા અંગે સરકારી આદેશ પાછો ખેંચવાની ઉજવણી માટે શનિવારે વરલીમાં આયોજિત 'વિજય' રેલીમાં આ ઐતિહાસિક જોડાણ થયું. રેલીને સંબોધતા, ઉદ્ધવ ઠાકરેએ આગામી નાગરિક ચૂંટણીઓમાં સંયુક્ત લડાઈનો સંકેત આપ્યો. "અમે એકતામાં રહેવા માટે ભેગા થયા છીએ. સાથે મળીને આપણે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) અને મહારાષ્ટ્રમાં સત્તા મેળવીશું."

# આપણું સંરક્ષણ બજેટ વિશ્વના કેટલાક દેશોના GDP કરતા મોટું : સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ

નવીદિલ્હી,તા.૭

કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ડીઆરડીઓ દ્વારા આયોજિત કંટ્રોલર્સ કોન્ફરન્સમાં હાજરી આપી. આ દરમિયાન તેમણે કહ્યું, "તમે એક કંટ્રોલર કોન્ફરન્સનું આયોજન કર્યું છે, પરંતુ મને લાગે છે કે તમારું મન ખુલ્લું અને ગ્રહણશીલ હોવું જોઈએ. આ વિભાગની જવાબદારી ફક્ત કાગળ પર હિસાબ રાખવાની નથી, પરંતુ તે આપણી સુરક્ષા વ્યવસ્થાનો એક મહત્વપૂર્ણ ભાગ પણ છે. જ્યારે તમે



પ્રામાણિકપણે કામ કરો છો, ત્યારે તેની અસર આપણી સરહદોનું રક્ષણ કરતા સૈનિકો સુધી પણ પહોંચે છે. તેઓ અનુભવે છે કે તેમની પાછળ એક સિસ્ટમ છે જે દરેક પરિસ્થિતિમાં તેમની સાથે રહેશે." રાજનાથ સિંહે કહ્યું, "જો તમે આપણા સંરક્ષણ બજેટ પર નજર નાખો, તો તે વિશ્વના કેટલાક દેશોના GDP કરતા મોટું છે. જ્યારે લોકોના મહેનતથી કમાયેલા પૈસાનો મોટો ભાગ સંરક્ષણ મંત્રાલયને ફાળવવામાં આવે છે, ત્યારે આપણી જવાબદારી ઝડપથી વધે છે. આપણને અસરકારક વિકાસની જરૂર છે. આપણો સંરક્ષણ ખર્ચ એવો હોવો જોઈએ કે માત્ર બજેટ જ ન વધે, પરંતુ આપણે યોગ્ય રીતે, યોગ્ય સમયે યોગ્ય હેતુ માટે યોગ્ય રીતે ઉપયોગ કરી શકીએ. યોગ્ય જમાવટ દ્વારા." તેમણે કહ્યું, "સંરક્ષણ સંપાદન પરિષદે પહેલીવાર GeM પોર્ટલ પરથી મૂડી ખરીદીને મંજૂરી આપી છે, આ એક પ્રશંસનીય પગલું છે.

# પહેલગામમાં થયેલો 'કાયર' આતંકવાદી હુમલો ભારતની 'આત્મા, ઓળખ અને ગૌરવ' પર સીધો હુમલો : મોદી

નવીદિલ્હી, તા.૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બ્રિક્સ સમિટમાં કહ્યું હતું કે આતંકવાદના પીડિતો અને સમર્થકોને એક જ માપદંડ પર તોલી શકાય નહીં. પીએમ મોદીએ કહ્યું હતું કે આતંકવાદીઓ સામે પ્રતિબંધો લાદવામાં કોઈ ખચકાટ ન હોવો જોઈએ. શાંતિ અને સુરક્ષા પર એક સત્રને સંબોધતા પીએમ મોદીએ કહ્યું હતું કે પહેલગામમાં થયેલો 'કાયર' આતંકવાદી હુમલો ભારતની 'આત્મા, ઓળખ અને



ગૌરવ' પર સીધો હુમલો છે.

તેમણે કહ્યું, 'આ હુમલો ફક્ત ભારત પર જ નહીં પરંતુ સમગ્ર માનવતા પર એક પ્રહાર હતો.' પ્રધાનમંત્રીએ કહ્યું, 'આતંકવાદની નિંદા કરવી એ આપણો 'સિદ્ધાંત' હોવો જોઈએ, ફક્ત સુવિધા નહીં.' પીએમ મોદીએ કહ્યું, 'જો આપણે પહેલા જોઈએ કે હુમલો કયા દેશમાં, કોની સામે થયો છે, તો તે માનવતા સાથે વિશ્વાસઘાત હશે.' આતંકવાદનો સામનો કરવા માટે સંયુક્ત પ્રયાસોનું આહ્વાન કરતા, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આતંકવાદીઓ સામે પ્રતિબંધો લાદવામાં કોઈ ખચકાટ ન હોવો જોઈએ. તેમણે કહ્યું, 'આતંકવાદના પીડિતો અને સમર્થકોને એક જ માપદંડ પર તોલી શકાય નહીં.' પીએમ મોદીએ કહ્યું કે આતંકવાદના સંબંધમાં શબ્દો અને કાર્યોમાં કોઈ તફાવત ન હોવો જોઈએ. પીએમ મોદીએ કહ્યું, 'જો આપણે આ કરી શકતા નથી, તો સ્વાભાવિક રીતે જ પ્રશ્ન ઊભો થાય છે કે શું આપણે આતંકવાદ સામેની લડાઈ પ્રત્યે ગંભીર છીએ કે નહીં?' પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતની સાથે ઉભા રહેલા અને તેને ટેકો આપનારા મિત્ર દેશોનો તેમણે 'હૃદયપૂર્વક આભાર' વ્યક્ત કર્યો હતો.

# નવસારીમાં ભારે વરસાદથી પૂર્ણા નદીમાં પૂર, ૫૫૦ લોકોનું સ્થળાંતર

નવસારી,તા.૦૭

નવસારીમાં નીચાણવાળા વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. શહેરના અનેક સ્થળે હજુ પાણી-પાણી છે. પૂરના પાણી ઘરમાં ઘૂસતા લોકોની ઘરવખરીને નુકસાની થઈ છે. હજી પણ પૂર્ણા નદી ભયજનક સપાટી પર વહી રહી છે. આ કારણે મોડી રાત્રે ૫૫૦થી વધુ લોકોનું સ્થળાંતર કરાયું હતું. નવસારી તથા ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પગલે શહેરમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. શહેરમાં પૂરની સ્થિતિને જોતા નવસારી શહેરી વિસ્તારની શાળાઓ અને આંગણવાડીઓમાં રજા જાહેર કરાઈ છે. જિલ્લાની અન્ય શાળાઓ અને આંગણવાડીઓમાં સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઈ રજા આપી દેવાઈ છે. નવસારી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આ નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે. ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે પૂર્ણા નદીકાંઠાના વિસ્તારો એલર્ટ મોડ પર છે. આ કારણે શાળા-કોલેજો અને આંગણવાડીમા રજા જાહેર કરવામાં આવી છે. નવસારી શહેર અને જલાલપોર વિસ્તારની શાળા કોલેજો અને આંગણવાડીમાં રજા જાહેર કરવામાં આવી છે. ડીઈઓએ સોશિયલ મીડિયા એકસ પર પોસ્ટ કરી જાહેરાત કરી છે. શહેરના રિંગ રોડ, ભેંસત, ખાડા કમલા દરવાજા, મીઠીલા નગરી જેવા વિસ્તારોમાં હજી પણ પાણી ઓસર્યા નથી. પૂરના પાણી ઘરમાં પ્રવેશી જતા લોકોની ઘરવખરીને ભારે નુકસાન થયું છે. પૂર્ણાની જળસપાટી હજુ પણ ભયજનક સપાટી પર છે. શહેરમાં પૂરની



સ્થિતિ બનતા ૫૫૦ થી વધુ લોકોનું સ્થળાંતર કરાયું છે. નવસારી મહાનગરપાલિકા દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં જ્યાં પાણી ઉતર્યા ત્યાં સફાઈ શરૂ કરવામાં આવી છે.

નવસારીમાંથી વહેતી ડાંગ, સુબિર, તાપીમાં ભરપૂર પાણી આવ્યું છે. વરસાદના કારણે પૂર્ણા નદી ગાંડીતૂર બની છે. પૂર્ણા નદીની હાલની સપાટી ૨૨ ફૂટ પર વહી રહી છે, જેની ભયજનક સપાટી ૨૩ ફૂટ છે. ભરતીના સમયને લઈ પાણીનું જળસ્તર વધશે તેવી શકયતા છે. આ કારણે સ્કૂલ અને કોલેજોમાં રજા જાહેર કરાઈ છે. નવસારીના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. નવસારી જિલ્લામાં પૂર્ણા નદીમાં પૂરની સ્થિતિ બનતા શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા જેના કારણે લોકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. હવે જ્યારે નવસારી તેમજ ઉપરવાસના જિલ્લાઓમાં વરસાદ રોકાયો છે ત્યારે પૂર્ણાના પાણી ઓસરી રહ્યા છે.

ઘરોમાંથી પાણી ઉતરતા હવે લોકો સફાઈમાં લાગ્યા છે. શહેરના કાશીવાડી વિસ્તારમાં પણ પાણી ભરાયા હતા જે હવે ઉતરતા લોકો ઘરોમાંથી પાણી ઉલેચી રહ્યા છે અને સાફ સફાઈમાં મંડી પડ્યા છે.૧૬ જૂનથી ચોમાસાની શરૂઆત થઈ, અને માત્ર ૧૭ દિવસમાં મેઘરાજાએ આખા રાજ્યને આવરી લીધું છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ માટે નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી સાથે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે, જ્યારે અમરેલી, ભાવનગર, સુરત, તાપી અને ડાંગમાં યલો એલર્ટ જારી કરાયું છે. રાજ્યમાં ત્રણ સક્રિય વાતાવરણીય સિસ્ટમ્સને કારણે ભારે વરસાદની સ્થિતિ સર્જાઈ છે, જેના પગલે નવસારીમાં પૂર્ણા નદી ભયજનક સપાટીથી ૩ ફૂટ ઉપર પહોંચી, શહેરમાં પૂરનું સંકટ ઊભું કર્યું છે.

# આમાં કેમ ભણશે ગુજરાત! નેત્રંગના આટખોલ ગામે વિદ્યાર્થીઓ મંદિરના ઓટલા પર ભણવા મજબૂર

નેત્રંગ,તા.૦૭

ભરૂચ જિલ્લામાં પ્રવેશોત્સવની ઘંટીઓ વાગી રહી છે ત્યારે નેત્રંગ તાલુકાના આટખોલ ગામમાં ભણવા ઉત્સાહી ૪૫ વિદ્યાર્થીઓ પોતાની જ શાળાના અભાવે ઝાડ નીચે મંદિરની ઓટલા પર કે પછી દાતાના ઘરના શેડ નીચે ભણતા જોવા મળી રહ્યા છે. આ પરિસ્થિતિ 'શિક્ષણનો હક' માત્ર નારા પૂરતો રહી ગયો છે તેવું સ્પષ્ટ



કરે છે. વિદ્યાર્થીઓ વિદ્યા પ્રાપ્ત કરવા માટે ફરજીયાત ખુલ્લામાં બેસવા મજબુર બન્યા છે. આટખોલ ગામમાં આવેલી શાળા વર્ષ ૧૯૫૫માં બની હતી. હાલના સમયમાં શાળા જર્જરિત બની જતા ગ્રામજનો અને સરપંચે વારંવાર રજૂઆત કર્યા બાદ જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા રૂપિયા ૫ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી. ટેન્ડર પ્રક્રિયા બાદ કામ શરૂ કરાયું પણ કોન્ટ્રાક્ટરે નબળી ગુણવત્તાનું મટીરિયલ વાપરતા સ્થાનિકો અને સરપંચે તરત કામ બંધ કરાવ્યું હતું.

હાલ નવા કોન્ટ્રાક્ટરને કામગીરી સોંપાઈ, પણ છેલ્લાં ૬ મહિનાથી બાંધકામ અટવાયું છે. પરિણામે વિદ્યાર્થીઓ ભણવા માટે ધૂળ, તડકો કે વરસાદમાં ખુલ્લામાં કે આશ્રય તરીકે કોઈના ઘરના ઓટલાનો ઉપયોગ કરે છે.

# રાજકોટ ટીઆરપી અગ્નિકાંડના આરોપીઓ સામે કેસ ચલાવવા કોર્ટે આપ્યો ચુકાદો

**૧૩ માસ બાદ આગામી સમયમાં ટ્રાયલ શરૂ કરવામાં આવશે**

રાજકોટ,તા.૦૭

રાજકોટ સહિત સમગ્ર દેશમાં ચકચાર જગાવનારા TRP ગેમઝોન અગ્નિકાંડ કેસમાં મનસુખ સાગઠીયા અને ભીખા ઠેબા સહિત કુલ સાત આરોપીઓ દ્વારા ડિસ્ચાર્જ અરજી કરવામાં આવી હતી. જેમાં પ્રથમ આરોપીઓની દલીલ બાદ સ્પેશિયલ પી.પી. તુષાર ગોકાણી દ્વારા કોર્ટમાં કલાકો સુધી દલીલો કરી આરોપીઓએ કરેલ ડિસ્ચાર્જ અરજી ફગાવી દેવા માટે દલીલો કરી હતી. જેને માન્ય રાખી સોમવારના રોજ કોર્ટ દ્વારા આરોપીઓએ કરેલ ડિસ્ચાર્જ અરજી ફગાવી દઈ તમામ સામે



કેસ ચલાવવા ચુકાદો આપ્યો છે. ઉલ્લેખનીય છે કે આ કેસમાં કુલ ૧૫ આરોપીઓ સામે ચાર્જશીટ રજૂ થયા બાદ ૪ આરોપીઓ જામીન મુક્ત છે જયારે ૧૧ આરોપીઓ જેલમાં બંધ છે. આરોપીઓ દ્વારા કેસને ડીલે કરવા માટે ડિસ્ચાર્જ અરજી કરવામાં આવતા હજુ સુધી આ કેસમાં ટ્રાયલ શરૂ થઈ શકી ન હતી ત્યારે કોર્ટે આરોપીઓની ડિસ્ચાર્જ અરજી ફગાવી દેતા ૧૩ માસ બાદ આ કેસમાં હવે આગામી સમયમાં ટ્રાયલ શરૂ કરવામાં આવશે.

# રાજકોટ યુનિકેર હોસ્પિટલની બેદરકારીને કારણે વ્યક્તિનું મોત થયું હોવાનો પરિવારનો આક્ષેપ

રાજકોટ,તા.૦૭

યુનિકેર હોસ્પિટલમાં ડોક્ટરની બેદરકારીને કારણે વ્યક્તિનું મોત થયાનો આરોપ પરિવાર દ્વારા લગાવવામાં આવ્યો છે. દર્દીની બાયપાસ સર્જરીમાં ૧૨ કલાકથી પણ વધુ સમય લાગ્યો હોવાનો આરોપ પરિવારે લગાવ્યો હતો. ઓપરેશનમાં ડોક્ટરની બેદરકારીને કારણે દર્દીનું મોત થયું હોવાનો આરોપ લગાવ્યો હતો. દર્દી રાજેશ



ગોસાઈની ૩ નળી બ્લોક હતી. બલૂન મુકવાનું કહીને બાયપાસ સર્જરી કરી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. મૃતકના પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. અગાઉ પણ યુનિકેર હોસ્પિટલ સામે બેદરકારીનાં ગંભીર આક્ષેપ લાગી ચૂક્યાં છે. યુનિકેર હોસ્પિટલમાં ડોક્ટરની બેદરકારીથી મોત થયાના આરોપ અંગે ડૉ.જિગીષ દોષીએ સ્પષ્ટતા કરી હતી. દર્દીનું આયુષ્યમાન કાર્ડ હેઠળ ઓપરેશન કરવામાં આવ્યું હતું. ઓપરેશન બાદ તેમના હૃદયના ધબકારામાં વધઘટ થતી હતી.

# અમદાવાદના ખોખરા વિસ્તારમાં જુના ઝઘડામાં મિત્રોના હાથે મિત્રની હત્યા

અમદાવાદ,તા.૦૭

અમદાવાદના ખોખરા વિસ્તારમાં મિત્રોએ જ જુના ઝઘડાની અદાવતમાં મિત્રની હત્યા કરી નાખી હતી. અમદાવાદના વસ્ત્રાલ ગામમાં રહેતા રવિ ખટિકની પત્નીએ ખોખરાની સંજીવીની હોસ્પિટલમાં ૧ જુલાઈના રોજ દીકરાને જન્મ આપ્યો હતો. દીકરાના જન્મની ખુશીઓ થોડીક ક્ષણમાં જ માતમમાં બદલાઈ ગઈ હતી. કારણ કે, ૨ જુલાઈના રોજ રવિ ખટિક પત્નીને મળવા હોસ્પિટલમાં આવ્યો હતો, દીકરાને રમાડીને હોસ્પિટલની બહાર નીકળ્યો હતો, જ્યાં તેના ત્રણ મિત્રો હાર્દિક ઉર્ફે મોદી શુક્લ, નિખિલ બીસ્ટ અને સાગર રાજાવત ઈકોસ્પોર્ટ ગાડી લઈને આવ્યા હતાં અને આ ત્રણેયે લાકડીઓ- છરીથી હુમલો કરીને રવિને મોતને ઘાટ ઉતારીને ફરાર થઈ ગયા હતા. યુવકને સારવાર મળે તે પહેલા જ દમ તોડી દીધો હતો.

# સુરત પોલીસે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરતી આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ ગેંગનો પર્દાફાશ કર્યો

સુરત,તા.૦૭

સુરતમાં શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપીને કરોડો રૂપિયાની છેતરપિંડી આચરતી એક આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ ગેંગનો સુરત શહેર સાયબર ક્રાઈમ સેલે પર્દાફાશ કર્યો છે. આ ગેંગે ૨૩૫ કરોડથી વધુનાં બેંક ટ્રાન્ઝેક્શન અને અંદાજિત ૧૦૦ કરોડના 'આંગડિયા' વ્યવહાર દ્વારા લોકોને શિકાર બનાવ્યા હોવાનું સામે આવ્યું છે. પોલીસ તપાસમાં આ છેતરપિંડીનો વ્યાપ એટલો મોટો છે કે જે બેંક એકાઉન્ટ મળ્યાં છે એની સામે દેશભરનાં ૨૬ રાજ્યમાં આ ગેંગ વિરુદ્ધ ફરિયાદો નોંધાઈ છે.

આ ઠગ ગેંગ ઈનોવેટિવ ટ્રેડ' જેવી બોગસ કંપનીઓ ઊભી કરીને લોકોને શેરબજારમાં રોકાણ કરવાથી અકલ્પનીય વળતર મળશે એવી લોભામણી વાતો કરતી હતી. તેઓ રોકાણકારોને દર મહિને ૭%થી ૧૧% જેટલું આકર્ષક રિટર્ન આપવાની લાલચ આપતા હતા. આ સ્કીમમાં ઓછામાં ઓછા ૧૮ મહિના સુધી રોકાણ કરવું ફરજિયાત હતું. દુબઈથી નેટવર્ક ચાલતું હતું.

કુલ ૧૧,૦૦૦ લોકો સ્કીમ સાથે જોડાયેલા છે.

# ભેંસાણમાં અમર શૈક્ષણિક સંકુલમાં ૨૦ બાળકો સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય થતા ખળભળાટ

ભેંસાણ,તા.૦૭

ભેંસાણમાં ૨૦થી વધુ બાળકો સાથે સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્ય થયું હોવાના આક્ષેપ લગાવાતા ખળભળાટ મચ્યો છે. આ બનાવ ભેંસાણના મા અમર શૈક્ષણિક સંકુલમાં બન્યો હોવાની માહિતી જાણવા મળી છે. નવાઈની વાત એ છે કે શાળાના જ સિક્ષક અને આચાર્ય દ્વારા આ કૃત્ય આચરવામાં આવ્યું હોવાના સનસનાટીભર્યા



આક્ષેપ થયા છે.

આ બનાવની વિગત મુજબ ભેંસાણના મા અમર શૈક્ષણિક સંકુલમાં રાત્રિના સમયે વિદ્યાર્થીઓને બોલાવવામાં આવતા હતા. જ્યાં શિક્ષક અને આચાર્ય તેમની સાથે કુકર્મ કરતા હતા. બીજી તરફ પીડિત વિદ્યાર્થીઓએ આ અંગે તેમના માતાપિતાને જાણ કરતા આ સમગ્ર કાંડનો ભાંડો ફૂટ્યો હતો. આ ઘટનાની જાણ થતા જ વાલીઓએ શાળામાં ભારે હોબાળો મચાવ્યો હતો. બીજી તરફ ટ્રસ્ટીઓએ વિદ્યાર્થીઓના વાલીઓને સમજાવ્યા હતા. બાદમાં આ મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો.

જોકે વાલીઓને ટ્રસ્ટીઓ દ્વારા સમજાવવામાં આવતા હાલ પૂરતું તો ફરિયાદ કરવાનું મુલતવી રાખવામાં આવ્યું છે. દરમિયાન બાળ સુરક્ષા એકમના લીગલ ઓફિસર ઘટના સ્થળે પહોંચ્યા હતા અને ભોગ બનેલા તમામ વિદ્યાર્થીઓના નિવેદન લીધા હતા.

# અમદાવાદમાં પ્રેમીએ ન્યૂડ વીડિયો બનાવી બ્લેકમેઈલ કરતા યુવતીએ કર્યો આપઘાત

**પોલીસે મોહિત મકવાણાની ધરપકડ કરી, જ્યારે ફરાર હાર્દિક રબારીને ઝડપી પાડવા કવાયત હાથ ધરી**

અમદાવાદ,તા.૦૭

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં યુવતીએ ૧૪મા માળેથી છલાંગ લગાવી આપઘાત કરતા ખળભળાટ મચી ગયો છે. પ્રેમીએ ન્યૂડ વીડિયો બનાવી બ્લેકમેઈલ કરતા યુવતીએ આપઘાત કર્યો



હતો. મૃતક યુવતી અને મોહિત ઉર્ફે મિતરાજ મકવાણા વચ્ચે પ્રેમસંબંધ હતો. પરંતુ બાદમાં હાર્દિક રબારી અને મોહિત બંનેએ યુવતીનો ન્યૂડ વીડિયો બનાવી બ્લેકમેઈલ કરી હતી. મૃતક યુવતીએ મોહિતને રૂપિયા ૬૦૦૦ આપ્યા હતા અને પોતાની સોનાની ચેઈન પણ ગીરવે મૂકી હતી. પરંતુ તેમ છતાં યુવતી છેતરાઈ હતી.

ન્યૂડ વીડિયો ડિલીટ કરવા માટે યુવતી પોતાના મિત્ર સાથે સોલા પોલીસ સ્ટેશન પહોંચી હતી. જ્યાં પોલીસની હાજરીમાં વીડિયોઝ ડિલીટ થયા હોવા છતાં આરોપીઓએ ફરીથી બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું હતું. યુવતીએ વીડિયો વાયરલ થવાના ડરથી જીવન ટૂંકાવવાનો નિર્ણય લીધો હતો. ચાંદખેડા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે મોહિત મકવાણાની પણ ધરપકડ કરી છે. બીજી બાજુ પોલીસે ફરાર થયેલા હાર્દિક રબારીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.







